Continuous Edition : 119
RNI No. : GUJBIL/2010/40422

Year of establishment : 2010
Postal Reg. No. GJN-194/2020-2022

# OSHWAL YOUTH

# TODAY AND TOMORROW

Vol. 11 - Issue - 01 - March 2020




Date of Publication : 1st March, 2020
Periodicity : Monthly
OSHWAL EDUCATION TRUST


Admission Open
Oshwal Education Trust Managed
Haria Kidland Park (Play House)
Smt. P. L. Haria Pre Primary School
(L.K.G. - U.K.G.)
English Medium
Admission forms are available for the academic year 2020-21 from the School office.
Contact
Shri L.G.Haria School Campus, Indira Gandhi Marg, Jamnagar
Ph.0288-2561453, 2560344, Mo.8866561453
Follow us on Facebook\hariaschool
Email : lghjam@gmail.com
Watch us on Youtube : LGHOfficial

# ઓશવાળ એજ્યુકેશન ટ્રસ્ટ

## ટ્રસ્ટી મંડળ

ચેરમેન - શ્રી કાંતિલાલ એલ. હરિઆ

મેનેજીંગ ટ્રસ્ટી - શ્રી રમણીકલાલ કે. શાહ

માનદ્મંત્રી - શ્રી ચંદુલાલ આર. શાહ

ટ્રસ્ટી - શ્રી જયંતિલાલ એલ. હરિઆ

ટ્રસ્ટી - શ્રી મોહનલાલ જી. ગોસરાણી

ટ્રસ્ટી - શ્રી શાંતિલાલ ડી. નાગડા

ટ્રસ્ટી - શ્રી ભરતેષભાઈ કે. શાહ

ટ્રસ્ટી - શ્રી કેશવજી મેઘજી ગોસરાણી

ટ્રસ્ટી - શ્રી મનીષભાઈ કે. હરિઆ

ટ્રસ્ટી - શ્રીમતી અલ્કાબેન જે. મારૂ

ટ્રસ્ટી - શ્રી રમેશ કેશવજી શાહ



OSHWAL YOUTH TODAY AND TOMORROW
Vol. 11 - Issue - 01 - March 2020



## સંપાદક મંડળ

એડિટર - શ્રી વ્યોમેશ એમ. વૈદ્ય

સબ એડિટર - બંસરી એમ. ભટ્ટ

સભ્યશ્રી - શ્રી પ્રફુલભાઈ છેડા

સભ્યશ્રી - અંજના આશર



RNI No. : GUJBIL/2010/40422
Postal Reg. No. GJN-194/2020-2022

OSHWAL YOUTH TODAY AND TOMORROW
Vol. 11 - Issue - 01 - March 2020

For subscription :
India :- Per copy ₹ 25.00
Annual :- ₹ 200.00
Foreign :- Annual $ 20.00
or £ 15.00

Phone : (0288) 256 1453, 256 0344
e-mail : oshwalyouth@gmail.com
oshwalyouth@oshwaleducationtrust.org
website : oshwaleducationtrust.org


**Monthly Magazine of**
**Oshwal Youth**
**March - 2020**


Printed by :
Mrs. Pritiben Pankajbhai Trivedi
'Shiva Sadan',
2-Cricket Bungalow Street,
B/h Gurudwara, Jamnagar

Published & Owned by :
Shri Ramniklal K. Shah - Publisher
Oshwal Education Trust,
Haria School Campus,
Indira Gandhi Marg,
Jamnagar - 361 004, Gujarat

Printed at :
Shivajeet Stationers & Printers
'Shiva Sadan',
2-Cricket Bungalow Street,
B/h Gurudwara, Jamnagar.

Published by :
Shri Ramniklal K. Shah - Publisher
Oshwal Education Trust,
Haria School Campus,
Indira Gandhi Marg,
Jamnagar - 361 004, Gujarat



પ્રકાશકની કલમે...
રમણીકલાલ કે. શાહ

# વ્યથા ભારત વસુંધરાની

મિત્રો, આપણે સૌ જાણીએ છીએ કે વિશ્વનાં તમામ દેશો આજે વિકાસ તરફ હરણફાળ ભરી રહયા છે. વિજ્ઞાન અને ટેકનોલોજીએ દુનિયાને નવું રૂપ અને નવી ગતિ પ્રદાન કરી છે. મહિનાઓ સુધી વહાણમાં બેસીને દરિયાઈ માર્ગે મુસાફરી કરતો માણસ હવે હવાઈ જહાજમાં બેસતો થયો છે. ધીરે ધીરે દેશ દેશ વચ્ચેનું અંતર ઘટવા લાગ્યું છે. ટેકનોલોજીનો સુભગ અને સુંદર ઉપયોગ કરીને વિશ્વનાં કેટલાય દેશોએ દુનિયામાં પોતાનું નામ કાઢયું છે, પણ ખેદની વાત એ છે કે વિશ્વના ઘણાય દેશોએ આ ટેકનોલોજીનાં સદુપયોગ કરતા તેનો દુરુપયોગ વધારે કર્યો છે. પરિણામે આ ટેકનોલોજીનો પોતાનાં માટે જ ઉપયોગ કરીને માણસ સ્વાર્થી પણ બન્યો છે. હવે પરિસ્થિતિ એવી ઉભી થઈ છે કે માણસ પોતાનાં અંગત સ્વાર્થ માટે સરકાર, દેશ કે દુનિયાને મોટું નુકશાન પહોંચાડતા જરાય અચકાતો નથી. અંગત સ્વાર્થને પુરો કરવા માણસ આજે ભ્રષ્ટાચાર તરફ વળ્યો છે. આ ભ્રષ્ટાચાર લોકશાહી દેશોનાં વિકાસનાં પાયામાં લૂણો લગાડવાનું કાર્ય કરે છે. કાયદો અને વ્યવસ્થાની પ્રણાલીને બગાડે છે. પરિણામે જનમાનસમાં રહેલો નિજી સ્વાર્થ માણસને સ્વાર્થીની સાથે માનસિક રીતે વિકૃત બનાવે છે. ભારત પણ આમાંથી બાકાત નથી. ભ્રષ્ટાચાર રૂપી અજગરની ભીંસ દિવસે દિવસે વધતી જાય છે. આપણે રોજ અખબારોમાં લૂંટફાટ, ભ્રષ્ટાચાર, લાંચ રૂશ્વત વગેરે જેવા કિસ્સાઓ વાંચીએ છીએ. સાથે સાથે માનસિક વિકૃતિને ઉજાગર કરતી બળાત્કારની ઘટનાઓ પણ જોઈએ છીએ બળાત્કાર જેવા જઘન્ય અપરાધથી ભારતીય નારીની ગરિમાને ઝાંખપ લાગી છે. દારૂનું દુષણ એનો વ્યાપ વધારી રહયું છે, જેમાંથી ગુજરાત પણ બાકાત નથી. જોવાની ખુબી એ છે કે ગુજરાત દારૂબંધીને પ્રોત્સાહન આપતું વિકસિત રાજય છે. તેમ છતાં સમગ્ર ભારતમાં સૌથી વધુ દારૂ અને નશાકારક દ્રવ્યો ગુજરાતમાંજ વેંચાય છે એ આપણું સૌનું કેટલું મોટું દુર્ભાગ્ય ગણાય?

જયારે જયારે પણ કોઈ ભ્રષ્ટાચાર, દારૂનો જથ્થો, લાંચ રૂશ્વત, બળાત્કાર વગેરેની આપણને ખબર પડે એટલે આપણે તરત જ સરકારને દોષિત માનીને આક્રોશનો ટોપલો જે તે વખતની સરકાર પર ઢોળીએ છીએ. આક્ષેપો અને પ્રતિ આક્ષેપો થાય છે અને ધીરે ધીરે આવી ઘટના ભૂલાતી જાય છે.

આવું બધું જોયા પછી મારા મનમાં એ વિચાર આવે છે કે આ તમામ દુષણો માટે સરકાર કંઈક પગલા લે એવી કાગારોળ આપણે કરતા હોઈએ છીએ. મિત્રો , સરકારી તંત્ર કાયદાકીય રીતે બધુંજ કરશે, પણ આપણી પણ ફરજ છે કે આપણે સરકારને મદદરૂપ થઈએ. એક જાગૃત નાગરિક તરીકે આપણે પણ આવી ઘટનાઓ ન ઘટે તેનું પુરતું ધ્યાન રાખવું જોઈએ સમય સૂચકતાથી સલામતીની બાબતે આપણને ઘણો ફાયદો થાય છે. દરેક સંસ્કારી માતાઓએ પોતાના પુત્રમાં અન્ય સ્ત્રીઓની માન મર્યાદા અને ગરિમા જળવાય એવા સંસ્કારોનું સિંચન કરવું જોઈએ આવા સંસ્કારોથી જ પુરુષોમાં સંયમ, ચારિત્ર્ય અને અન્ય સ્ત્રીઓ પ્રત્યેની આદરણીયતાના ગુણો કેળવાશે, અને બળાત્કાર જેવા અપરાધોથી દેશને મુક્તિ મળશે. દરેક મા એ પોતાનાં સંતાનને એ શીખવવું જોઈએ કે ગલી, ઘર, શરીર આ બધાની સ્વચ્છતા સાથે મનની સ્વચ્છતા પણ એટલી જ જરૂરી છે. મનની સ્વચ્છતા મનુષ્યને સંયમ તરફ લઈ જાય છે. કેટલાય વિસ્તારમાં ધમધમતા દારૂના હાટડાઓ પ્રત્યે આપણે આંખ આડા કાન કરતા હોઈએ છીએ. પરિણામે આવા દારૂના બુટલેગરો ખુલ્લેઆમ સમાજનાં યુવાવર્ગને દારૂની લત લગાડે છે. આપણી થોડીક બેજવાબદારીથી આવા લોકો બેફામ થઈને શિષ્ટ સમાજનું નાક દબાવે છે મિત્રો, આ ગાંધીનું ગુજરાત છે, સરદાર પટેલની પૂણ્ય ભૂમિ છે. સંતોની પાવન ધરા છે, અહીંજ શ્રીમદ્ રાજચંદ્ર જેવી વિરલ વિભૂતિઓએ આપણને સંયમ, આસ્તેય અને અપરિગ્રહના પાઠ શીખવ્યા છે. અને આવી પૂણ્યભૂમિ પર દારુની રેલમછેલ જોઈને રૂંવાડા ઊભા થઈ જાય છે, ત્યારે એટલું જરૂર કહીશ કે આવા તમામ અપરાધ માટે ઓછા વત્તા અંશે આપણે પણ જવાબદાર છીએ. આપણે જો આવી અપરાધોની ભીંસમાંથી મુક્તિ મેળવવી હોય તો ખુદ જાગૃત બનવું પડશે, પ્રશાસનને પૂરતો સાથ સહકાર આપવો પડશે, આજુબાજુમાં સતત બાજ નજર રાખવી પડશે. સમાજને પીડતા આવા અસામાજિક તત્વો તરફ કરડી નજર કરવી પડશે. જયારે પણ કોઈ શંકાસ્પદ પ્રવૃતિ તરફ આપણું ધ્યાન જાય તો નિર્ભિક બનીને અવાજ ઉઠાવવો પડશે. આમ, સજગતા, સમયસૂચકતા, સહકાર, સંપ અને સાહસ આ પાંચ મંત્રોને જો આપણે યાદ રાખીને પ્રશાસનની સતત સાથે રહેશું તો આવા અપરાધોને નાથી શકીશું. હવે બેદરકાર રહેવું પાલવે એમ નથી. આ જઘન્ય અપરાધોને ડામવા ચાલો સૌ સાથે મળીને કમર કસીએ, અને માત્ર ગુજરાત જ નહીં, સમગ્ર ભારતને આમાંથી મુક્તિ અપાવીએ. સમગ્ર દેશ અપરાધમુકત, ભ્રષ્ટાચાર મુકત અને સંસ્કારથી પ્રકાશિત સૂર્યોદયની પ્રતિક્ષા કરી રહયો છે ત્યારે મને વિશ્વાસ છે કે,

**जिस सुबह की खातिर जुग जुग से हम सब मर मर के जीते है, जिस सुबह के अमृत की धुन में हम जहर के प्याले पीते है, इन्सानों की इज्जत जब झूठे सिक्कों में न तोली जाएगी, वो सुबह कभी तो आएगी वो सुबह कभी तो आएगी ।**

From the Desk of Publisher
**Ramniklal K. Shah**



# The Grief of India

Friends, we all know that the nations of the world are taking huge steps towards a scientifically and technologically advanced world at a rapidly new pace. Gone are days when man had to travel in ships and boats for long endless seeming days to cross the oceans to reach another continent. The supersonic jets now make these journeys in hours. The distances between the countries seem to be reducing and world today has become a big global village. Countries of the world are making a name for themselves by making an exhaustive use of the modern technology at their disposal. But technology is proving to be a double edged sword when it is being equally used for negative activities. Man is selfishly using it more for his private gains than for a community good, compromising the good of the nation, the people and the world at large.

Today , corruption and crime is on the rise in practically all walks of life. The law and order situation is highly strained and criminal, selfish and distorted mentality is on the rise. India too is seen to be a major victim of this scenario. In spite of all government efforts, corruption, crime and unrest are on the rise. The newspapers and the media channels seem to derive a black pleasure in highlighting these events in an exaggerated and dramatic manner. Free access to porn websites are inciting more and more molestations and assaults against the female population. Alcoholism is rampant even in a dry state like Gujarat. Drugs are ruining the youth and breaking the delicate tendrils of the society and it seems that people are developing a fear less disregard towards our law and order system and our slow and lengthy judicious system. There rises a loud hue and cry that the government and the authorities are proving to be ineffective in the face of all this.

In this situation a thought comes to my mind that we, as the general public, always expect the government to deal with all these problems without realizing that we too have certain duties towards this. As an awakened citizen it is our duty to think what we can do to aid the government to de-escalate this situation. It is the essential duty of every family to teach their sons to value and respect all women, to respect her individuality, her essence of a woman and not to do anything that would breach her honour. Every family should teach their children to maintain the basic standards of cleanliness and hygiene of all public spaces in such a way that our country may not need Swachchh Bharat campaigns any more. Along with the physical cleanliness we need cleaner mental attitudes. It is essential that we do not ignore or turn a blind eye towards anti social activities happening around. It is time to build up our moral courage and raise our voice against these activities en masse in such a way that the anti social elements are outnumbered and overwhelmed. The teachings of Gandhi, Buddha and Shrimad Rajchandra should not remain mere lines in textbooks. It is time to make them a part of our life. Awareness, alertness, cooperation, courage and unity are to be befriended to fight against all the evils that are shredding the delicate fabric of our society. It is vital that we do not remain inactive and careless anymore. It is we who can strengthen the government to get rid of the social evils that have sickened not only Gujarat but the whole country. It is time for a new awakening, a new reformation and best way to do it is to awaken the self first.

**जिस सुबह की खातिर जुग जुग से हम सब मर मर के जीते है,**
**जिस सुबह के अमृत की धुन में हम जहर के प्याले पीते है,**
**इन्सानों की इज्जत जब झूठे सिक्कों में न तोली जाएगी,**
**वो सुबह कभी तो आएगी वो सुबह कभी तो आएगी ।**

# Bangalore Institution conducted Aptitude Test

## Initiative by Shri L.G. Haria School - Jamnagar

Center for Career Development, Bengaluru, powered by the Jain Group of Institutions conducted Future Vedh, a career profiling aptitude test for **231** students at **Shri L.G. Haria School - Jamnagar**. Post the completion of the test and obtaining the personalized reports, the students were glad to have received the guidance, which they claimed to have definitely helped them understand their abilities and potential career choices. The teachers and the Principal of **Shri L. G. Haria School - Jamnagar** were also positive about Future Vedh test and stated it was indeed a good partnership with the JGI's Center for Career Development, which brought this test to them, that provided constructive feedback to the students.

More often than not, a lot of students lack directions at different points in life, amongst which the most important is the step of making a career decision. A wrong choice can make cause unhappiness and frustrations in their lives. When children are stuck while making this decision, they come to parents, teachers and other elders, who they think are qualified enough to help them. The latter do try their best to help them, but the truth is, even the elders might not always have the perfect information and are confused too. Seeking the help of professional career counselors is a great option but many a times is an expensive endeavor.

Since time immemorial, peer pressure has always influenced the personal career choices of students. With no due regard to passion, students are most likely to take up the societally constructed elite professions fulfilling their parents' wishes too. These days the trends also show that increasing number of individuals quit their professions to do what they are passionate about. Is it a wise choice, we may ask. Yes, because their happiness matters more than the number of years or cost spent on studying that professional degree and dispassionately continuing with the related career thereafter. It is therefore even wiser, to choose the right career at the beginning itself, rather than the realization dawning upon after a considerable amount of time? Being passionate about a career is important. But, having the potential and a suitable personality to succeed in a career is more important. It's important to make this distinction.

This is where this career profiling aptitude test, Future Vedh comes into play. Maharashtra Knowledge Corporation Limited's Future Vedh is authored by the Institute of Psychological Health with renowned experts on board, comprising Abstract Reasoning, Mechanical Reasoning, Numerical Ability, Spatial Reasoning, Verbal Reasoning, Interest and Personality. After taking this 2 hour test with all components, a personalized report is generated, which identifies the interest, ability and the potential areas in which a student can have a bright career.

This test has been conducted at 50 centers across India, covering 10000 students in the year 2019-20, amongst which, **Shri L.G. Haria School - Jamnagar** from our city was also a part of. This test is provided free of cost to the students, as one of the steps emerging from the Center for Career Development's vision of helping individuals optimize their career opportunities based on their interest and abilities and as a part of the Jain Group of Institutions' social responsibilities. Visit www.jgi.co.in for more details.

# ભૂતપૂર્વ વિદ્યાર્થી સંમેલન અહેવાલ



ઓશવાળ શિક્ષણ અને રાહત સંઘના નેજા હેઠળ ભૂતપૂર્વ વિદ્યાર્થી સંમેલનનું આયોજન કરવામાં આવેલ હતું. આ આયોજનનો મુખ્ય હેતુ ભવિષ્યમા શિક્ષણ ક્ષેત્રે આગળ વધવા માંગતા વિદ્યાર્થીઓ માટે યોગ્ય પ્લેટફોર્મ મળે અને તેમને અપાતી હાયર એજ્યુકેશન લોનમાં વધારો કરી શકાય તે માટે સંઘના કોર્પસ ફંડને વધુ મજબુત બનાવવા માટેના હેતુથી બોલાવવામાં આવેલ. આ સાથે બોર્ડીંગ - છાત્રાલય તથા અમદાવાદ હોસ્ટેલમાં ભણી ગયેલા વિદ્યાર્થીઓએ પોતાના જીવનના ગાળેલા અમૂલ્ય પળો જે જગ્યાએ વિતાવ્યા હતા ત્યાં ફરી પાછા આવી અને યાદો તાજી કરવાનો છે.આજના ટેકનોલોજીના યુગમાં ભવિષ્યની શૈક્ષણિક જગત સિદ્ધિ તરફ આગળ વધવાના પ્રયાસ સ્વરૂપે 'સંઘ'ના ટ્રસ્ટી શ્રી, હોદ્દેદારશ્રી તથા કારોબારી સમિતિ દ્વારા ભૂતપૂર્વ વિદ્યાર્થી સંમેલનની રચના કરી તા. ૨૭, ૨૮ અને ૨૯ ડિસેમ્બર ૨૦૧૯ના ભૂતપૂર્વ વિદ્યાર્થી સંમેલનનું ભવ્ય આયોજન કરવામાં આવેલ હતું.પ્રમુખશ્રી મનસુખલાલ મેઘજી દોઢીયાના અધ્યક્ષ સ્થાને તથા ભૂતપૂર્વ વિદ્યાર્થી સંમેલન સમિતિના કન્વીનરશ્રી શીરીષ નેમચંદ સાવલાની આગેવાની હેઠળ આયોજીત આ પ્રસંગને અવિસ્મરણીય બનાવીને સફળતાના શિખર સુધી પહોંચાડી 'સંઘ'ના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરથી શોભાવવા માટે સમસ્ત જ્ઞાતિજનો તરફથી મળેલ સાથ સહકારથી આ સંમેલન સફળતાપૂર્વક પરિપૂર્ણ થયેલ છે.



આ સંમેલનમાં ૧૬૦૦ થી પણ વધુ વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવેલ જેમાંથી ૮૦૦ થી વધારે વિદ્યાર્થીઓ બહારગામથી પધારેલ. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ સાથે વિશ્વભરના હાલારી વિશા ઓશવાળ સમાજનાં ટ્રસ્ટ બોર્ડ તથા કારોબારી સભ્યશ્રીઓ, સંઘના વિવિધ દાતા પરીવારો, સંઘનાં માજી હોદેદારશ્રીઓ તથા ટ્રસ્ટીશ્રીઓ, બોર્ડીંગ છાત્રાલયના ભૂતપૂર્વ પ્રમુખશ્રીઓ સાથે સમસ્ત ઓશવાળ શિક્ષણ અને રાહત સંઘને ઉપસ્થિત રહેવા નિમંત્રિત કરવામાં આવેલ. આ પ્રસંગે ચીફ ગેસ્ટ તથા ગેસ્ટ ઓફ ઓનર તરીકે સંઘના મુખ્ય દાતા પરિવારો, સંઘના માજી પ્રમુખશ્રીઓ, ભારતભરના શ્રી હાલારી વિશા ઓશવાળ સમાજના પ્રમુખશ્રીઓ, તેમજ સમાજના વિવિધ મહાનુભાવોને નિમંત્રીત કરી સન્માનિત કરવામાં આવ્યા. બહારગામથી પધારેલ અંદાજીત ૮૦૦ થી ૯૦૦ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તથા આમંત્રિત મહેમાનો માટે ઉતારાની વ્યવસ્થા ઓશવાળ સેન્ટર, ઓશવાળ અતિથિગૃહ, કેશવ સ્પોર્ટસ સેન્ટર, વિશા ઓશવાળ બોર્ડીંગ તથા કન્યા છાત્રાલય, શ્રીમાળી દશા ઓશવાળ કન્યા છાત્રાલય, કુંવરબાઈ જૈન ધર્મશાળા, ઓ.ઇ.ટી. સંચાલિત બોયઝ હોસ્ટેલ, ઓશવાળ હાઈટસ અને ઓ. કેપિટલ હોટેલ જેવી વિવિધ જગ્યાએ કરવામાં આવી હતી. ઉતારાના સ્થળથી ઓશવાળ સેન્ટર કાર્યક્રમના સ્થળ સુધી આવન જાવન માટે ટ્રાન્સપોર્ટેશનની વ્યવસ્થા માટે ૩૦ વાનની વિના મુલ્યે વ્યવસ્થા પણ કરવામાં આવેલ હતી.





સંમેલનની શરૂઆત તા. ૨૭/૧૨/૨૦૧૯ના રોજ ભવ્ય સામૈયા સાથે કરવામાં આવેલ જેમાં ખેરાડીથી ખાસ બેન્ડ બોલાવવામાં અને બેન્ડ દ્વારા વિશેષ નૃત્ય કરી પ્રોશેસનમાં ચાર ચાંદ લગાવવામાં આવ્યા હતાં. સંમેલન પ્રસંગે પધારેલ તમામ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને ખુલ્લા મને પોતાના વિચારો રજુ કરવાની તક આપવામાં આવી હતી. આ પ્રસંગે સંઘની ગૌરવવંતી યશોગાથાને સુવેનીયરના માધ્યમથી પ્રકાશિત કરી

continue on page 08

continue from page 07



પ્રસંગની સ્મૃતિ સ્વરૂપે ભેટ આપવામાં આવી. સુપ્રસિધ્ધ હાસ્ય કલાકાર સાંઈરામ દવે દ્વારા સર્વેને હાસ્યના હિંડોળે ચડાવી આનંદની અભિવ્યકિત કરી. જયારે વિશ્વના ઓશવાળો એકઠા થયા હોય ત્યારે આપણી પરંપરા, સંસ્કૃતિને વધુ સમૃદ્ધ બનાવવા શ્રી અશ્વીન જોશી (માં બાપને ભૂલશો નહિ) દ્વારા લાગણી સભર વકતવ્ય રજુ કરી યુવાનોને પ્રોત્સાહિત કરવામાં આવ્યા. બોર્ડીંગના ભૂતપૂર્વ વિદ્યાર્થી પ. પૂ. પન્યાશશ્રી જયધર્મવિજયજી મહારાજ સાહેબ ખાસ ઉપસ્થિત રહી પ્રેરણાત્મક પ્રવચન આપવામાં આવ્યુ હતું અને મહારાજ સાહેબ દ્વારા આ ભવ્ય સંમેલનના ખોબે ખોબે વખાણ કરવામાં આવ્યા હતાં.

આ ત્રી દિવસીય સંમેલનમાં અંદાજીત ૩૯૦૦૦ વ્યકિતઓએ સવારે, બપોરે તેમજ સાંજે જમણવારનો લાભ લીધેલ. જેમાં ત્રણેય દિવસ બપોરે સમસ્ત શ્રી હાલારી વિશા ઓશવાળ સમાજનું નાત જમણ રાખવામાં આવેલ હતું. ત્રણેય દિવસના ભોજનનું મેનુ સંપૂર્ણ જૈન રાખવામાં આવેલ હતું. આ ત્રિ દિવસીય સંમેલનના વિવિધ કાર્યક્રમોમાં બોર્ડીંગ - છાત્રાલય તથા અમદાવાદ હોસ્ટેલના દરેક ભૂતપૂર્વ પ્રમુખશ્રીઓનું સન્માન, સંઘના ઈતિહાસમાં પ્રથમ વખત સંઘની શરૂઆત થી અત્યારસુધીના પ્રમુખશ્રીઓ તથા ટ્રસ્ટીશ્રીઓનું બહુમાન તેમજ ભૂતપૂર્વ વિદ્યાર્થી સંમેલનના ખર્ચના દાતાશ્રીઓનું સન્માન કરવામાં આવ્યું. કાર્યક્રમોની સાથે સ્પોર્ટ્સની વિવિધ રમતો, ખ્યાતનામ કલાકારોના માધ્યમથી લાઈવ દાંડિયા રાસનો ખુબ જ સુંદર કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો જેમાં કાર્યક્રમ નિહાળનારા કરતા ખેલૈયાઓની સંખ્યા વધુ રહી હતી.



આ કાર્યક્રમો વિશ્વના ઓશવાળો નિહાળી શકે તે માટે યુટયુબનાં માધ્યમથી લાઈવ પ્રસારણની સુવિધાથી જે લોકો સંજોગોવસાત્ સંમેલનમાં ઉપસ્થિત ન રહી શકયા હોય તેઓએ આ કાર્યક્રમને તેમના ઘરે બેસીને મન ભરીને માણ્યો. આ યુ - ટયુબની લીંક કોમ્યુટ્રીના માધ્યમથી જ્ઞાતિજનો સુધી પહોંચાડવામાં ખુબ જ સારો સહકાર મળ્યો.

આપણા જ્ઞાતિજનોને બિઝનેસ માટે પ્લેટફોર્મ મળે એવા ઉમદા હેતુથી એકઝીબિશન કમ સેલનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્ટોલ જ્ઞાતિજનોને નજીવા દરે આપવામાં આવેલ. અંદાજીત ૪૦ જ્ઞાતિજનોએ આ સ્ટોલનો લાભ લીધેલ.



બહારગામથી આવનાર ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ જામનગરની પ્રખ્યાત ખાણી - પીણીની વસ્તુઓ માણી શકે તેવા હેતુથી પ્રખ્યાત વસ્તુઓના સ્ટોલ ફૂડ ઝોનમાં રાખવામાં આવેલ હતા. આ ફૂડ ઝોનમાં ઠંડીનો આનંદ માણવા માટે તાપણાની વ્યવસ્થા કરવામાં આવેલ હતી.

આ આયોજન પ્રસંગે જુના સ્મરણો વાગોળવા માટે ૧૯૩૮ થી પ્રવર્તમાન કાર્યકાળ સુધીના ફોટોગ્રાફ તથા વિડીઓ કલીપ જોવા માટે ફોટો ગેલેરીનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગુજરાતના માનનીય મંત્રીશ્રી તેમજ વિવિધ કાર્યકર્તાઓ, સંસ્થા, સંગઠનો તેમજ રાજકીય નેતાઓ તરફથી શુભેચ્છા સંદેશ પાઠવી શુભકામનાઓ વ્યકત કરવામાં આવી હતી. આ સંમેલનમાં ઘણી બધી વસ્તુઓ સંઘના ઈતિહાસમાં પ્રથમ વખત કરવામાં આવી છે જેમ કે બોર્ડીંગ છાત્રાલય તથા અમદાવાદ હોસ્ટેલના અત્યારસુધીના ગૃહપતિ તથા ગૃહમાતાનું સન્માન, દરેક સમાજને એક સાથે જોડી ચાલવાનું, બોર્ડીંગ - છાત્રાલય તથા અમદાવાદ હોસ્ટેલના અત્યાર સુધીના પ્રમુખશ્રીઓનું બહુમાન, સંઘના અત્યારસુધીના પ્રમુખશ્રીઓનું તથા ટ્રસ્ટીઓનું બહુમાન, ફોટો ગેલેરીનું આયોજન, લગ્નોત્સવ જેવા ડેકોરેશન સાથે જ્ઞાતિજમણનું આયોજન, લાઈવ દાંડિયા



continue on page 09

continue from page 08



નાઈટનું આયોજન, કંકુ છાટણા કરી પ્રથમ પત્રિકા ગણપતી બાપાને ચડાવી. આવા ઐતિહાસિક સંમેલનની શરૂઆતના પ્રથમ સેશનમાં જ ૨ કરોડથી ઉપરનું દાન માત્ર ૨ કલાકમાં જ જાહેર થયેલ. અને સંમેલનના અંતમાં સંઘના ઈતિહાસમાં કયારેય પણ ભારતભરમાં ન મળેલ હોય તેટલું દાન એટલે કે ૭ કરોડ રૂપિયાનું અંદાજીત દાન આ સંમેલનમાં જાહેર થયું જેમાં સંઘના પ્રમુખશ્રી મનસુખભાઈ અને મેનેજીંગ ટ્રસ્ટીશ્રી પ્રવીણ લીલાધર હરિયા સાથે ફંડ સમિતિના કન્વીનરશ્રી મોતીચંદ નથુભાઈ ગોસરાણી, સભ્યશ્રીઓ જયંતિલાલ પાનાચંદ હરિયા, કાંતિલાલ વૃજપાલ ગોસરાણી (કે.કે. ભાટિયા), ટ્રસ્ટીશ્રી ધીરજલાલ દેપાર હરિયા તથા રમણીક મેપા ગડાએ ખુબ જહમત ઉઠાવેલ. કાર્યક્રમ દરમ્યાન ભોજનની વ્યવસ્થા ભોજન સમિતિનાં કન્વીનરશ્રી હિતેશ હંસરાજ ચંદરીયા તથા તેમની ટીમે સંભાળેલ, જમણવાર વ્યવસ્થાની જવાબદારી જમણવાર વ્યવસ્થા સમિતિના કન્વીનરશ્રી કમલ મનસુખલાલ ગોસરાણી તથા તેમની ટીમ દ્વારા કરવામાં આવેલ. સુવેનીયર બનાવવા માટે સુવેનીયર સમિતિ – જામનગરના કન્વીનરશ્રી કાંતિલાલ પ્રેમચંદ ચંદરીયા તેમજ સુવેનીયર સમિતિ – મુંબઈના કન્વીનરશ્રી ભરત સોમચંદ મારૂ તથા તેમની ટીમે જહમત ઉઠાવેલ. સંઘના ઓફીસ સ્ટાફ દ્વારા પણ આ સંમેલનને સફળ બનાવવા ખુબ જ ચિંતન અને મનનથી કાર્ય કરવામાં આવેલ. સંપૂર્ણ સંમેલનના સ્ટેજ પ્રોગ્રામનું સંચાલન માનદમંત્રીશ્રી જીવરાજભાઈ નગરીયા દ્વારા કરવામાં આવેલ. કાર્યક્રમની આભાર વિધિ ખજાનચીશ્રી સુરેશ પ્રેમચંદ નગરીયા દ્વારા કરવામાં આવેલ.અંતમાં આ સંમેલનને સફળ બનાવવા કાર્યકરો અને જ્ઞાતિજનો દ્વારા સુંદર સાથ સહકાર મળેલ છે તે માટે સર્વેનો ઓશવાળ શિક્ષણ અને રાહત સંઘ હાર્દિક આભાર વ્યકત કર્યો હતો.



## પ્રજાસતાક દિનની ઉજવણી

## શ્રી એલ. જી. હરિયા સ્કૂલમાં પ્રજાસતાક દિનની શાનદાર ઉજવણી

હજારો વર્ષોની ગુલામી પછી સ્વતંત્રતાનો સુરજ જોનાર ભારતવાસીઓ માટે સ્વતંત્રતાનુ મૂલ્ય અમૂલ્ય હોય છે. આ વાતની સાક્ષી પુરતા તા. ૨૬/૦૧/૨૦૨૦ નાં રોજ શ્રી એલ. જી. હરિયા સ્કૂલમાં ૭૧મો પ્રજાસતાક દિન ખુબ શાનદાર રીતે ઉજવાયો. વહેલી સવારથીજ શાળાનાં વિશાળ મેદાનમાં વિદ્યાર્થીઓની મીઠી ચહલપહલ શરું થઈ ગઈ હતી. કાર્યક્રમની શોભા વધારવા ઓશવાળ એજયુકેશન ટ્રસ્ટનાં શ્રી રસિકભાઈ પારેખ, હોસ્ટેલ કમિટી મેમ્બર શ્રી પ્રફુલ્લભાઈ છેડા અને અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહયા હતા. આપણી પરંપરા મુજબ શાળાનાં શિક્ષક દ્વારા શાબ્દિક આવકાર પામીને શ્રી રસિકભાઈ પારેખ અને શ્રી પ્રફુલ્લભાઈ છેડાએ ધ્વજવંદન કર્યુ હતું. ધ્વજવંદન બાદ ધો. ૭ ની વિદ્યાર્થીની સોનગ્રા એકતાએ અને ધોરણ ૧ ના વિદ્યાર્થી મંગાણી તેજસે પોતાનાં વકતવ્ય દ્વારા મેદાન પર ઉપસ્થિત સૌનાં હ્રદયમાં મા ભોમની સર્વોપરિતા અને વસુધૈવ કુંટુંબકમ ની લાગણીઓની નદીઓ વહાવી હતી. શાળાનાં આચાર્યશ્રી ધવલ પટ્ટે આઝાદી અને સંવિધાનની ગરિમા જાળવવા વિદ્યાર્થીઓને હાકલ કરી હતી. દેશ માટે કુરબાન થયેલા શહીદ વીરોને શાબ્દિક શ્રધ્ધાંજલિ આપતા શ્રી ધવલ પટ્ટે જણાવ્યું હતું કે દેશનાં નવલોહિયા યુવાનોએ શહાદત વહોરીને આપણને જે આઝાદી અપાવી છે એ આઝાદીને ટકાવી રાખીને દેશનાં વિકાસમાં આપણું યોગદાન આપીએ એ જ આ શહિદો માટે સાચી શ્રધ્ધાંજલિ છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે દેશમાં સકારાત્મક પરિવર્તન માટે દરેક વ્યકિતએ યથા યોગ્ય જહેમત ઉઠાવવી પડશે. શાળાનાં શિક્ષિકા શ્રી મમતા મીશ્રાએ પણ આચાર્યશ્રીની વાતમાં પોતાનાં વકતવ્ય દ્વારા સૂર પૂરાવ્યો હતા. વકતવ્ય પુરુ થતાજ આખું મેદાન 'જય જવાન, જય કિશાન', 'વંદે માતરમ' અને 'આઝાદી અમર રહો' ના નારા સાથે ગુંજી ઊઠયું હતું. શાળાનાં વિદ્યાર્થીઓને આ રાષ્ટ્રીય પર્વનાં હર્ષોલ્લાસનાં વધામણા રૂપે મીઠાઈનું વિતરણ કરવામાં આવ્યું હતું. દેશભકિતનાં ગીતોનો જાણે વરસાદ વરસતો હોય એવું લાગતું હતું સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાનાં શિક્ષક શ્રી રાજ શાહે તથા આભાર વિધિ શ્રી દિપા ગલૈયાએ કરી હતી.

આમ ભારતની આન, બાન અને શાન કહી શકાય એવા તિરંગાની છત્રછાયા નીચે આ કાર્યક્રમ ખુબજ ઉમંગ અને ઉત્સાહભેર ઉજવાયો હતો.

# હેલ્થ કોર્નર

ડો. રાહુલ કુશવાહા (B.N.Y.S.)
(નેચરોપેથ કન્સલ્ટન્ટ)

આજકાલ લગભગ ૫૦% લોકો મેદસ્વિતા અને સ્થુળકાય શરીર ધરાવતા હોય છે. જેની પાછળનું કારણ છે. અસંતુલિત આહાર અને અયોગ્ય જીવનશૈલી. આપણા આહારમાં જો ગ્લુકોઝ (મિઠાશ) નું પ્રમાણ વધારે હોય તો ગ્લુકોઝનું પરિવર્તન ગ્લાયકોજેનમાં થાય અને આખરે તેનું રૂપાંતર ચરબી (ફેટ) માં થાય છે. આપણા રોજિંદા જીવનમાં જો આપનો ઉઠવાનો સમય, સુવાનો સમય તેમજ અન્ય દૈનિક નિત્યક્રમ જો નિયમિત સમય પર ના થતા હોય તો આપણું શરીર આળસથી ઘેરાઈ જાય છે અને તેના પરિણામે આપણા શરીરમાં ચયાપચય ની ક્રિયા મંદ થઈ જાય છે.

અને ધીરે ધીરે આપણા શરીરમાં ચરબી એકત્રિત થવા લાગે છે અને આખરે તેના પરિણામ સ્વરૂપ આપણું વજન ધીરે ધીરે વધતુ જાય છે.

અહીં આપણા સહુને માટે સામાન્ય ડાયેટ ચાર્ટ જણાવીએ છીએ:-

| | | |
|---|---|---|
| સોમવાર | જ્યુસ/હર્બલ ડ્રિંક | દૂધી નો જ્યુસ |
| | નાસ્તો | ફળ + તુલસીનો ઉકાળો |
| | લંચ | બાફેલા શાકભાજી + જાર ની રોટલી ૧ + બ્રાઉન રાઈસ + મગની દાળ + છાસ ૧ ગ્લાસ |
| | ડિનર | બાફેલા શાકભાજી + વેજીટેબલ સુપ + જારની રોટલી |
| મંગળવાર | જ્યુસ/હર્બલ ડ્રિંક | ગળો જ્યુસં |
| | નાસ્તો | પૌવા + તુલસી નો ઉકાળો |
| | લંચ | સલાડ + જાર ની રોટલી ૧ + બાફેલા શાકભાજી + વેજીટેબલ સૂપ + મિક્સ દાળ |
| | ડિનર | જાર ની રોટલી ૨ + બાફેલા શાકભાજી + વેજીટેબલ સૂપ |
| બુધવાર | જ્યુસ/હર્બલ ડ્રિંક | ગાજરનો જ્યુસ / આમળા નો જ્યુસ |
| | નાસ્તો | અધકચરા બાફેલા શાક + તુલસીનો ઉકાળો |
| | લંચ | કાચું સલાડ (Raw Diet) + છાસ ૧ ગ્લાસ |
| | ડિનર | જારની રોટલી ૨ + બાફેલા શાકભાજી + વેજીટેબલ સૂપ |
| ગુરુવાર | જ્યુસ/હર્બલ ડ્રિંક | કડું કરિયાતું |
| | નાસ્તો | વેજીટેબલ દલિયા + દૂધ ૧ ગ્લાસ |
| | લંચ | બાફેલા શાકભાજી + જારની રોટલી ૨ + મગની દાળ + છાસ ૧ ગ્લાસ |
| | ડિનર | જાર ની રોટલી ૨ + બાફેલા શાકભાજી + વેજીટેબલ સૂપ |
| શુક્રવાર | જ્યુસ/હર્બલ ડ્રિંક | જીરાનું પાણી |
| | નાસ્તો | ઓટસ |
| | લંચ | કાચું સલાડ (Raw Diet) + છાસ ૧ ગ્લાસ |
| | ડિનર | વેજીટેબલ ખિચડી + કઢી |
| શનિવાર | જ્યુસ/હર્બલ ડ્રિંક | નારિયેળ પાણી |
| | નાસ્તો | દલિયા (ઘઉં ની થૂલી) |
| | લંચ | બાફેલા શાકભાજી + જારની રોટલી ૧ + બ્રાઉન રાઈસ + મગની દાળ + છાસ ૧ ગ્લાસ |
| | ડિનર | ઉપમા/ઈડલી + વેજીટેબલ સૂપ |
| રવિવાર | | શક્ય હોય તો ઉપવાસ કરવો અથવા નીચે મુજબ |
| | જ્યુસ/હર્બલ ડ્રિંક | પાલક જ્યુસ / ગાજરનો જ્યુસ |
| | નાસ્તો | પૌવા / ઉપમા / ઈડલી |
| | લંચ | કાચું સલાડ (Raw Diet) + છાસ એક ગ્લાસ |
| | ડિનર | રાગી ની ઈડલી - ૪ નંગ + સાંભાર + નારિયેળ ની ચટણી |

જાત જાત ના વેજીટેબલ સૂપ ની યાદી:-

ટમેટા + પાલક સૂપ, દૂધી + ફુદીના સૂપ, મગનું સૂપ, મિક્સ વેજીટેબલ સૂપ.

નોંધ :- ઉપર જણાવેલ ડાયેટ ચાર્ટ એક જનરલ ચાર્ટ છે. દેરક વ્યકિત ની તાસીર મુજબ ફેરફાર તેમાં કરવાનો હોય છે. જેની વધારે જાણકારી માટે આપ લીલાવતી નેચર કયોર એન્ડ યોગ રીસર્ચ સેન્ટર ના ફોન નંબર 9978561453 / 6358761453 ઉપર અમારા ડાયેટિશિયન નો સંપર્ક કરી શકો છો.

# ઈનામ વિતરણ સમારોહ



દર વર્ષની જેમ આ વર્ષે પણ ઓશવાળ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રી એલ. જી. હરિયા સ્કૂલમાં તારીખ ૨૫/૦૧/૨૦૨૦ને શનિવારનાં રોજ શાળાની અવર્ણનીય ક્ષણો કહી શકાય એવા ઈનામ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. અભ્યાસ ઉપરાંત વિવિધ ક્ષેત્રોમાં ઉમદા દેખાવ કરનાર તેજસ્વી તારલાઓને પ્રોત્સાહિત કરવા માટે આ સુંદર સમારોહનું આયોજન થયું હતું. કાર્યક્રમની શરૂઆત ભારતીય પરંપરા મુજબ દીપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી જેમાં શ્રી ઓશવાળ એજ્યુકેશન ટ્રસ્ટનાં ઓનરરી સેક્રેટરી શ્રી ચંદુભાઈ શાહ, ઓશવાળ એજ્યુકેશન ટ્રસ્ટનાં ટ્રસ્ટીશ્રી ભરતેશભાઈ શાહ, કમિટી મેમ્બર શ્રી કલાબેન શાહ, સુર્યાબેન શાહ, પ્રફુલ્લભાઈ છેડા, સ્કૂલ કમિટી મેમ્બર શ્રી ભાવેશભાઈ હરિયા, ઓશવાળ એજ્યુકેશન ટ્રસ્ટનાં સી.ઈ.ઓ. શ્રી જીપાલ પટેલ, શાળાનાં ડી.ઓ.ઈ. શ્રી અંજના આશર અને પી.આર.ઓ. શ્રી બંસરી ભટ્ટ, એડમીનીસ્ટ્રેટર શ્રી વ્યોમેશભાઈ વૈદ્ય વગેરે ઉપસ્થિત રહયા હતા અને તેઓશ્રીનાં વરદ હસ્તે દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. પધારેલા મહેમાનોનું શાબ્દિક સ્વાગત શાળાનાં આચાર્ય શ્રી ધવલ પટ્ટે કર્યુ હતું. પ્રાર્થના, દિપ પ્રાગટ્ય અને શાબ્દિક સ્વાગતનો લ્હાવો માણ્યા પછી ઈનામ વિતરણ શરુ થયું હતું. જેમાં શાળાનાં કે.જી. વિભાગથી ધોરણ ૧૨ સુધીનાં ૨૦૧૮-૧૯ માં શૈક્ષણિક તેમજ અન્ય સિધ્ધિઓ પ્રાપ્ત કરેલા વિદ્યાર્થીઓને પધારેલા મહાનુભાવોનાં વરદ હસ્તે ટ્રોફી અને અલભ્ય કહી શકાય એવા આશીર્વાદ પણ પ્રાપ્ત થયા હતા. શૈક્ષણિક સિધ્ધિઓની સાથે અન્ય ક્ષેત્રે પણ સિધ્ધિઓ હાંસલ કરનાર વિદ્યાર્થીઓને પણ ઈનામ એનાયત કરવામાં આવ્યા હતા જેમાં ભારત વિકાસ પરિષદ દ્વારા યોજાયેલ હિન્દી સમૂહગાનમાં સન્માનિત થયેલા વિદ્યાર્થીઓને તેનાં ઉત્કૃષ્ઠ દેખાવ બદલ શાળા દ્વારા નવાજવામાં આવ્યા હતા. આ વિદ્યાર્થીઓ અને



શિક્ષકોએ સાથે મળીને મંચ પર સંગીતની અદભૂત સુરાવલિઓ રેલાવીને શ્રોતાગણમાં પણ - **'जननी जन्मभूमिश्च स्वर्गादपि गरीयसि'** ની ભાવના પ્રગટાવી હતી. આ સાથેજ તાજેતરમાં યોજાયેલ કલા મહાકુંભમાં પણ સુંદર દેખાવ કરનાર આગવી પ્રતિભા ધરાવનાર વિદ્યાર્થીઓને પણ ટ્રોફી એનાયત થઈ હતી. તેમણે રજૂ કરેલી કૃતિનાં શબ્દે શબ્દે દેશપ્રેમનો મહિમા ગુંજી ઉઠયો હતો. સમગ્ર વર્ષ દરમિયાન રમતગમતની પ્રવૃતિઓમાં અગ્રેસર રહીને શાળાનું ગૌરવ વધારનાર દરેક વિદ્યાર્થી ને પણ ટ્રોફીઓ દ્વારા પ્રોત્સાહિત કર્યા હતા. સાથે સાથે આ તમામ પ્રવૃતિ માટે માર્ગદર્શક શિક્ષકો શ્રી ખુશાલી અઘેરા, ધીમંત ચૌહાણ, દવે યશ, કપિલ ત્રિવેદી, નિતેષ કાસુંદ્રા, દર્શના તેરૈયા વગેરેને પણ શાળાના ટ્રસ્ટીઓ અને આચાર્યશ્રીએ અભિનંદન આપ્યા હતા. શાળાની રમતગમતની પ્રવૃતિઓ, શ્રેષ્ઠ વિદ્યાર્થી, શ્રેષ્ઠ હાઉસ, શ્રેષ્ઠ વર્ગ, સતત નિયમિત રહેનાર શિક્ષકો વગેરેને પણ આ તકે ઈનામ અપાયા હતા. શાળાનાં આચાર્ય શ્રી ધવલ પટ્ટે શાળામાં ચાલતી વિવિધ શિક્ષણ લક્ષી અને શાળાનાં વિકાસ માટે શાળામાં થતી વિવિધ પ્રવૃતિઓ વિશે વિશાળ સંખ્યામાં ઉપસ્થિત વાલીગણને ભરપૂર માહિતી આપી હતી. વિદ્યાર્થીનો સર્વાંગી વિકાસ થાય એ હેતુથી શાળામાં યોજાયેલ વિવિધ પ્રવૃતિઓ જેવીકે આરોગ્ય તપાસણી રોબિનહુડ આર્મીને મધ્યસ્થી રાખીને અન્નદાન, શાળામાંથી થતા પ્રવાસ, અંધજનો માટે શાળા દ્વારા થતો આર્થિક સહયોગ, ખેલ મહાકુંભ અને કલા મહાકુંભ દ્વારા બાળકોનો શારિરીક વિકાસ અને ભારતીય સંસ્કૃતિની વિશેષ જાળવણી વગેરે બાબતે વાલીઓને માહિતગાર કર્યા હતા. અત્યંત વ્યસ્તતામાંથી પણ પોતાનો અમૂલ્ય સમય બાળકોને ફાળવતા તમામ વાલીઓને પણ આ તકે શ્રી ધવલ પટ્ટે ધન્યવાદ આપ્યા હતા. શાળાના ટ્રસ્ટીશ્રી ભરતેશભાઈ શાહે આ સમારોહને અદ્ભૂત, અવિસ્મરણીય અને અદ્વિતિય ગણાવ્યો હતો. સ્ટેજ પર વિદ્યાર્થીઓ દ્વારા પીરામીડ અને સમૂહગાનની પ્રવૃતિઓ નિહાળીને વાલીગણ તથા ઉપસ્થિત સૌ મંત્રમુગ્ધ બની ગયા હતા. શાળાનાં સુપરવાઈઝરો, શિક્ષકો અને વિદ્યાર્થીઓનાં કેપ્ટનોએ કાર્યક્રમની સફળતા માટે ખૂબ જહેમત ઉઠાવી હતી. સમગ્ર કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓની સ્વયંશિસ્ત કાબીલેદાદ હતી.



આ ઉત્તમ કાર્યક્રમનું સુંદર સંચાલન શાળાનાં હોનહાર શિક્ષક શ્રી રાજ શાહ તથા દિપા ગલૈયાએ કર્યું હતું. આભાર વિધિ શ્રી દિપા ગલૈયા દ્વારા કરવામાં આવી હતી.

આમ તળિયાથી લઈને, ટોચ સુધીનાં હરિયા સ્કૂલનાં તમામ કર્મચારીઓએ પોતાનું ઉત્કૃષ્ઠ યોગદાન આપીને કાર્યક્રમની સફળતામાં ચાર ચાંદ લગાવી દીધા હતા. સમારોહ આનંદ અને ઉત્સાહની અનૂભૂતિનો લ્હાવો લેતા લેતા કાર્યક્રમ પૂરો થયો હતો. આમ આ અવિસ્મરણીય ક્ષણો સાથે લઈને સૌએ હર્ષની લાગણી અનુભવી હતી.

# જૈન તત્વ દર્શન

## સાત તત્વ

- જયંતિલાલ ગુઢકા

(ગતાંકથી ચાલુ)

ઓમ હિં શ્રી વીતરાગાય નમ:

આગલા અંકમાં આપણે આસ્ત્રવના ભેદ, બંધ તત્વ, બંધ તત્વ સંબંધી ભૂલ અને બંધ તત્વના બે ભેદ વિશે વિચારણા કરેલ અને અંતે આગલા અંકમાં બંધના ચાર પ્રકાર અને તેના કારણો તથા તેના તાત્પર્યને જાણશું તેમ જણાવી પૂર્ણ કરેલ તો તે વિષે વિચારણા કરીએ.

બંધના ચાર પ્રકાર અને તેના કારણો - કર્મ બંધ ચાર પ્રકારે બંધાય છે ૧) પ્રકૃતિ, ૨) સ્થિતિ ૩) અનુભાગ અને ૪) પ્રદેશ. પ્રકૃતિ અને પ્રદેશના બંધ યોગથી અને સ્થિતિ અને અનુભાગ બંધ ક્રોધ વિગેરે કષાયોથી થાય છે.

૧) પ્રકૃતિ :- કર્મનો જે સ્વભાવ છે તેને પ્રકૃતિ કહે છે. જેવી રીતે જ્ઞાનાવરણકર્મની પ્રકૃતિ પદાર્થોને તેની યોગ્યતા મુજબ ન જાણવામાં નિમિત થાય અને દર્શનાવર્ણકર્મની પ્રકૃતિ પદાર્થોને તેની યોગ્યતા મુજબ ન દેખવામાં નિમિત થાય વગેરે. જેમ લિમડો કળવો અને ગોળ મીઠો છે એવી રીતે બધા કર્મોની પ્રકૃતિ ભિન્ન ભિન્ન જાણવી જોઈએ. આગલા અંકમાં કર્મની આઠ પ્રકૃતિના નામને વ્યાખ્યા જાણેલ તે ભેદો પ્રકૃતિના આધારે જાણેલ.

૨) સ્થિતિ :- બંધાયેલ કર્મ સ્વભાવથી ચોકક્સ વખત સુધી કર્મ બંધનપણે રહે તે ચોકક્સ વખતને સ્થિતિ કહે છે. જેવી રીતે બકરી વગેરેના દૂધમાં મીઠાશ છે. તે મીઠાશનું જેટલા કાળ પર્યંત, દૂધમાં બગાડ ન થાય ત્યાર સુધી તે મીઠાશનું ન છૂટવું તે સ્થિતિ છે. તેવી રીતે જ્ઞાનાવરણ વગેરે કર્મોનો પદાર્થોને ન જાણવા દેવું વગેરે સ્વભાવ ચોકક્સ વખત સુધી ન છૂટવો તે સ્થિતિબંધ છે. જેવી રીતે કોઈ વ્યકિતનો આયુષ્ય બંધ ૧૦૦ વર્ષનું બંધાણું. તો ૧૦૦ વર્ષ પર્યંત વ્યકિત મળેલ દેહમાં સ્થિત રહી દેહવિલયને પામે તેમાં આયુષ્યની સ્થિતિ ૧૦૦ વર્ષ કહેવાય.

૩) અનુભાગ :- બકરી, ગાય અને ભેંસ વગેરેના દુધમાં ચીકાસ એટલે ઘટપણું ઓછું, સાધારણ અને વધારે માલૂમ પડે છે. તેવી રીતે કર્મપુદ્રલોની શકિત વિશેષને અનુભાગ અથવા અનુભાગબંધ કહે છે. એટલે કે કર્મફળશકિતને અનુભાગ કહે છે. દાખલા તરીકે કોઈ જીવને તાવ આવે ત્યારે કોઈને ૯૮ ડીગ્રીનો, કોઈને ૧૦૦ ડીગ્રીનો કે કોઈને ૧૦૪ ડીગ્રીનો તાવ હોય તે, જીવના નીજ નીજના અશાતા વેદનીય કર્મના અનુભાગબંધના પ્રમાણમાં જોવા મળે છે.

૪) પ્રદેશ :- બંધાયેલા કર્મ પરમાણુંઓનું આત્માના પ્રદેશો સાથે એકક્ષેત્ર અવગાહીને રહેવું, અથવા કર્મોની સંખ્યાના પ્રમાણને પ્રદેશબંધ કહે છે. કર્મ બંધન સમયે કર્મ પરમાણુંઓનું જીવના ક્ષેત્રમાં પ્રવેશ પામવું તેને અને કેટલા પરમાણુંઓનો જથ્થો આવીને જીવ સાથે બંધાય છે તે પ્રદેશબંધ કહેવાય છે.

૧) પ્રદેશ - પ્રકૃતિબંધ :- યોગના એટલે આત્મપ્રદેશોના કંપનના નિમિતથી કર્મનું આગમન થાય છે. માટે યોગ છે તે આસ્ત્રવ છે એમ કહ્યું છે. એ યોગ દ્વારા ગ્રહણ થયેલાં કર્મ - પરમાણુંઓનું નામ પ્રદેશ છે. તેઓનો બંધ થયો અને તેમાં મૂળ - ઉત્તર પ્રકૃતિઓનો (જ્ઞાનાવરણ કર્મ છે તે મૂળ પ્રકૃતિ છે અને મતિજ્ઞાનાવરણ, શ્રુતજ્ઞાનાવરણ, અવધિજ્ઞાનાવરણ. મનઃપર્યયજ્ઞાનાવરણ, કેવળજ્ઞાનાવરણ તે જ્ઞાનાવરણ કર્મની ઉત્તર પ્રકૃતિ છે). વિભાગ થયો તે પ્રકૃતિ છે. તેથી યોગના નિમિતે પ્રદેશબંધ અને પ્રકૃતિબંધ થાય છે એમ સમજવું.

૨) સ્થિતિ - અનુભાગબંધ :- જીવને મિથ્યાત્વ ક્રોધાદિરૂપ ભાવ થાય છે. તે સર્વનું સામાન્યપણે 'કષાય' એ નામ છે. તેનાથી કર્મપ્રકૃતિઓની સ્થિતિ બંધાય છે એટલે કે બંધાયેલ કર્મ કેટલો કાળ જીવના સંબંધમાં રહેશે તે નકકી થાય છે. તથા અનુભાગ શકિતના ભેદો થાય છે. એટલે તે સ્થિતિના પરીપકવ કાળે કેટલા પ્રમાણમાં તેનું તે ફળ મળશે એ નકકી થાય છે. એ રીતે કષાયોના નિમિતે સ્થિતિબંધ અને અનુભાગબંધ થાય છે એમ જાણવું.

તાત્પર્ય :- અહીં એમ સમજવું કે મોહ - રાગ - દ્વેષ કષાય ભાવની જ મુખ્યતા છે કે જે નવીન કર્મ બંધમાં નિમિત થાય છે. રાગાદિ ભાવોનો અભાવ હોતાં (એટલે જીવમાં મોહ - રાગ - દ્વેષના ભાવો ઉત્પન ન થતાં) દ્રવ્યમિથ્યાત્વ, દ્રવ્યઅસંયમ, દ્રવ્યકષાય, દ્રવ્યયોગના સદ્ભાવમાં (એટલે કે પૂર્વે બાંધેલ મિથ્યાત્વ. અસંયમ, કષાય, યોગ પ્રકૃતિના પુદ્રલ કર્મો જે ઉદયમાં નથી આવ્યા અને સતામાં હોવા છતાં) પણ જીવ કર્મથી બંધાતો નથી તેથી રાગાદિ ભાવોને અંતરંગ બંધહેતુપણું હોવાને લીધે ખરેખર રાગાદિ ભાવો બંધના હેતું છે - એમ નકકી કરવું અને આ ચાર બંધો રહિત સદા નિપાધિસ્વરૂપ જે આત્મા છે તે હું છું - એમ સમ્યગ્જ્ઞાનીએ નિરંતર ભાવના કરવી.

આવતા અંકમાં સંવર તત્વની વિચારણા કરશું.

.......ક્રમશ

# JAIN TATVA DARSHAN

## SAT TATVA

(Continued from previous edition)

-Jayantilal Gudhka

**Om Hrim Shree Vitragai Namah**

In the last issue we mulled on the distinctions of Aasrav, Bandh Tatva, the misunderstanding regarding Bandh Tatva and the two distinctions of Bandh Tatva; at the end we ended with indicating to learn, in the next issue, the four types of Bandh, reasoning behind the same and the Aim behind the same. So, let us mull on this.

**FOUR TYPES OF BANDH AND THE REASONS BEHIND THESE**: Karma Bandh has four facets. 1) Prakruti (Nature), 2) Sthiti (Duration), 3) Anubhag (infliction capacity) and 4) Pradesh (Quantum). The Prakruti and Pradesh Bandh takes place due to Yog (Vibratory State of the Soul) and Stithi and Anubhag Bandh takes place due to the Anger etc. Kashaya that arise within the Soul.

1. **Prakruti**: - The nature of the Karma is called Prakruti. Just as Gnanaavrankarma's (Knowledge Obstructing Karma) nature is to be the cause in not being able to know the Substances, as per its capability and Darshnaavrankaram's (Vision Obstructing Karma) nature is to be the cause in not being able to perceive the Substances, as per its capability etc. Just as the nature of Neem Leaves is Bitter and that of Sugar is Sweet, similarly the nature to all Karmas are to be perceived as different from each another. In the last issue, the names of the eight different types of Karmas and its definition that we had learnt were based on the differences in Prakruti (nature) of each Karma

2. **Sthiti**: - Bonded Karmas by nature stays bonded for a definite time period, that definite period is called Sthiti. Just as the sweetness in the milk of goat etc., that period till which this sweetness prevail until the milk does not go off and become sour, the period for which the sweetness is not lost is called Sthiti. Similarly, Gnanaavrann Etc. Karmas being the cause by which the knowability of the substances is obstructed, by its nature; that period till which this nature prevails is Sthiti Bandh. Say, anyone who has bonded its Ayu Karma (Life Span) of 100 years, then that Soul will not depart from the acquired body for 100 years in that Sthiti of Aayushiya Karma is said to be 100 year.

3. **Anubhag**: - We know that the Milk of a Goat, Cow and Buffalo etc have its density or stickiness less, ordinary and more respectively in the same way the similar special capability of materialistic Karma is called Anubhag or Anubhag Bandh. That means the Degree of Strength of the Fruition of Karma is called Anubhag. One may have a fever of 98 degrees, another one may have that of 100 degrees and another one may have that of 104 degrees, Those are in proportion to that particular person's own Asaata Vedniya (Pain Inflicting) Karma's Anubhag Bandh.

4. **Pradesh**: - The Parmaannu (Atoms) of Bonded Karmas that occupy and stay in one and the same space that of a Soul or the Numerator of the number of atoms of Karmas associated with a Soul is called Pradesh Bandh. At the time of bonding of Karma, the atoms of Karmas that gets associated within the space of the Soul and the stack of how many atoms gets associated with the Soul that is called Pradesh Bandh. **A) Pradesh – Prakruti Bandh: -** The influx of Karma takes place when Yog meaning the vibratory state of Soul's Pradesh takes place. Therefore, it is stated that Yog is the Aasrav. Taking of the atoms of Karma Parmaannu as a result of Yog of the Soul is called Pradesh. The cohesion of these and their bifurcation into Main and Sub-division of Nature of the Karma is termed as Prakruti (Gnanaavrann Karma is the Main Prakruti and Matignanaavrann, Shrutgnanaavrann, Avdhignanaavrann, Manahpryaygnanaavrann and Kevalgnanaavrann Karma are the Sub-division of this). Therefore, one must understand that Pradeshbandh and Prakrutibandh takes place owing to Yog.

**B) Sthiti - Anubhag Bandh**: - The Gist of Mithiyatva-Anger (Misconception-Anger) etc. rises in a Being. These are commonly known by the name of Kashaya. Due to that bondage of Sthiti of Karma Prakruti takes place, which means it is determined as to how long the Bonded Karma will remain associated with a Being and

continue on page 14

continue from page 13

what will be the capability differences of Anubhag (the degree of infliction of pain or pleasure) – meaning certainty is established as to in what proportion the fruit will be received at the time of maturity of the Sthiti of that Prakruti of that Karma. In this manner one must understand that Sthitibandh and Anubhagbandh takes place due to Kashayas.

**SIGNIFICANCE**: Here one must understand that principally only the Kashaya gist's of Moh-Raag-Dvesh (Attachment-Love-Hate) are that which becomes the cause of binding of new Karmas. When there is non- existence of gist's of love etc. (meaning the gist's of Moh-Raag-Dvesh do not arise) the Jeev (A Being) do not get Bonded with Karma, even in the existence of Dravya-Mithiyatva, Dravya-Asayanm, Dravya-Kashaya, Dravya-Yog (meaning the previously bonded Pudgal Karmas of Mithiyatva, Asayanm (incontinence), Kashaya, Yog Prakruti that are existent but are not in play). Therefore, the gist's of Love etc. being the internal motivating factor of bondage of Karmas, one must make certain that really the Gist's of Love etc. are the factors of Bondage of Karmas. And, the Soul that is forever anxiety free, being devoid of these four classes of Bandh, is what I am – Samayakgnaani (a being with correct knowledge of the self and all) must contemplate continuously that way.

In the next issue, we will mull on Sanvar Tatva.

......to be continued

## ઓશવાળ ચેરીટીઝ - જામનગર સંચાલિત - ઓશવાળ યાત્રિક ગૃહ - પાલીતાણા મધ્યે શ્રી આદિનાથ જિનાલયની ૧૪ મી વર્ષગાંઠ તથા શ્રી આદેશ્વરદાદાની ૧૫મી ધજા આરોહણ નો મહોત્સવ ઉજવાયો.

ઓશવાળ યાત્રિક ગૃહ – પાલીતાણા મધ્યે શ્રી આદિનાથ જિનાલયની ૧૪ મી વર્ષગાંઠ તથા શ્રી આદેશ્વરદાદાની ૧૫મી ધજા આરોહણ નો મહોત્સવ તા. ૧૭-૧-૨૦૨૦ ના ધામધૂમપૂર્વક ઉજવાયો.

૧૪ મી વર્ષગાંઠ નિમીતે શ્રી આદિનાથ જિનાલયની પાંચ ધજા આરોહણ તેમજ ૧૮ અભિષેક પૂજા કરવામા આવેલ તેમા જુદી જુદી ધજાઓ તેમજ ૧૮ અભિષેક પૂજા નો લાભ નીચે મુજબ લાભાર્થીઓએ લાભ લીધેલ.

| | ધજા ના નામ - ભગવાન | લાભાર્થી પરિવારો |
|---|---|---|
| ૧ | મૂળનાયક શ્રી આદેશ્વરદાદાની શિખરની ધજા | શ્રી પુરણભાઈ સ્વરૂપભાઈ શ્રોફ પરિવાર - મુંબઈ |
| ૨ | રંગમંડપની ધજા શ્રી પુંડરીક સ્વામી તથા શ્રી ગૌતમ સ્વામી પ્રભુ | શ્રી બિપીનભાઈ શાંતીલાલ સંઘવી પરિવાર - મુંબઈ |
| ૩ | ફ્રન્ટ ચોકીની ધજા | શ્રી ઓશવાળ ચેરીટીઝ |
| ૪ | ડાબી ચોકીની ધજા - શ્રી મહાવીર સ્વામી પ્રભુ | શ્રી કુસુમબેન મુકેશભાઈ ગુઢકા - મુંબઈ |
| ૫ | જમણી ચોકીની ધજા - શ્રી ચંદ્રપ્રભુ સ્વામી | શ્રી કચરા ગોસર સાવલા પરિવાર<br>શ્રી ખીમજી તથા શ્રી વેલજી કચરા પરિવાર - જામનગર |
| ૬ | અઢાર અભિષેક પૂજા | શ્રી બિપીનભાઈ શાંતીલાલ સંઘવી પરિવાર - મુંબઈ |

૧૪મી વર્ષગાંઠ તથા ૧૫મી ધજાઆરોહણ મહોત્સવ પૂજ્ય શ્રી રામચંદ્રસુરી સમુદાય ના પ.પૂ. આચાર્ય ભગવંત શ્રી જિનદર્શન સુરીશ્વરજી મ. સા. ના શિષ્ય ગણિવર્ય શ્રી પ્રશમદર્શનજી મ. સા. આદિ, પ. પૂ. સાધુ-સાધ્વીજી મ. સા. ની તારક નિશ્રામા સંપન્ન થયેલ. આ પ્રસંગે પૂજા-પૂજન ભણાવવા સંગીતકાર શ્રી કિરણભાઈ રાયમલ પ્રબતાણી તથા વિધિકારક શ્રી નરેશભાઈ માશુકરાય શાહ તથા શ્રી બકુલભાઈ અર્જુનભાઈ પરમાર પધારેલ.

આ પ્રસંગે ઓશવાળ ચેરીટીઝના ટ્રસ્ટી મંડળ ના ટ્રસ્ટીશ્રી ચંદુલાલ રાયચંદ દોઢીયા, શ્રી મહેશચંદ્ર સોમચંદ ગોસરાણી તથા શ્રી હર્ષવદન સોમચંદ ગોસરાણી તથા વહિવટી કમિટિ સભ્યશ્રી અતુલ નેમચંદ ખીમસીયા તથા શ્રી નિમિષ નેમચંદ હરિયા ઉપસ્થિત રહેલ. તેમજ વિશાળ સંખ્યામાં શ્રાવક - શ્રાવિકા ગણ ઉપસ્થિત રહી અનુમોદના અવસર જેવું પવિત્ર વાતાવરણ થયેલ.

આ મહોત્સવ પ્રસંગે સાધારણ તથા જીવદયાની સારી ટીપ થયેલ.

# ધર્મ દર્શન



લેખક : પૂ. આચાર્ય શ્રી મહાબોધિસુરિ મહારાજ

## ૨૨. મોટાભાઈની ઉદારતા

થોડા વર્ષો પૂર્વે બનેલી આ ઘટના છે.

એક ગામમાં બે ભાઈ રહેતા હતા. મા - બાપ નાની ઉંમરે જ ગુજરી ગયેલા. પિતાની ગેરહાજરીમાં મોટાભાઈએ નાનાભાઈ માટે પિતાનો રોલ ભજવ્યો. એને ભણાવ્યો/ ગણાવ્યો... મોટો કર્યો. નાનો ભાઈ પણ મોટા ભાઈનું પૂરું માન રાખતો.

નાનો ભાઈ ઉંમર લાયક થતા મોટા ભાઈએ એના લગ્ન કરાવ્યા. લગ્નમાં કોઈ કમી ન રાખી. મોટા ભાઈને પોતે બજાવેલ કર્તવ્યથી સંતોષ હતો. નાનાભાઈને પણ પોતાના મોટાભાઈ પ્રત્યે આ પ્રસંગથી ભારોભાર સદ્ભાવ વધી ગયો.

બે ભાઈનો પ્રેમ આખા ગામમાં રામ/લક્ષ્મણ જેવો વખણાતો હતો. પણ અફસોસ! આવનાર નાનાભાઈની પત્નીથી એ સહન ન થયું. એણે એના પિયરીયાઓને આ વાત કરી. પિયરીયાઓએ તો હવનમાં હાડકાં નાંખવાવાળી કરી.

બધાએ ભેગા મળીને નાનાભાઈને પિયર બોલાવ્યો. એક પછી એક સહુએ એમના કાનમાં ઝેર રેડવાનું શરૂ કર્યું.

જુઓ જમાઈ રાજ ! અત્યારે સતયુગ નથી ચાલતો, અત્યારે તો કલિયુગ ચાલે છે. કલિયુગમાં તમે તમારા ભાઈની સાથે રહો એ ન ચાલે. તમારા મા/બાપ તો છે નહિં... આજે તમારો ભાઈ બરાબર સાચવે છે, આવતી કાલે એની બુદ્ધિ બગડી જાય તો એ બધુ પચાવી પાડશે. ત્યારે તમે શું કરશો ? એ કરતાં કાંઈક સમજો. સમયસર છુટા પડી જાઓ એમાં જ તમારું હિત છે. કાલે શું થાય કાંઈ કહેવાય નહિ.

નાનાભાઈએ શરૂઆતમાં તો શાંતિથી સાંભળી લીધુ. પણ વાત જ્યારે આગળ વધી ગઈ. મોટા ભાઈ પર ખોટા આળ/આક્ષેપો થવા લાગ્યા.. ત્યારે એમનાંથી ન રહેવાયુ. એ ઉશ્કેરાઈ ગયો.

એણે કહ્યું : બંધ કરો આ બકવાસ. તમને શું ખબર છે અમારા બે ભાઈ ના પ્રેમની. જ્યારથી અમારા મા/બાપ મૃત્યુ પામ્યા ત્યારથી આ મારા મોટા ભાઈએ મને દીકરાની જેમ સાચવ્યો છે. આ ઉંમરે ય મને મારા ભાઈ, ભાભીએ એટલો પ્રેમ એટલું વાત્સલ્ય આપ્યું છે... જેથી મને સપનામાંય મા/બાપની ખોટ સાલી નથી.

મારા ભાઈ / ભાભી તો માતા - પિતાના સ્થાને છે. એમણે મને નાનાથી મોટો કર્યો. ભણાવ્યો, પરણાવ્યો. આજે મારું જે પણ સારું છે તે બધું મોટા ભાઈને જ કારણે છે. એમને તો મારી ચામડીનાં જૂતા કરીને પહેરાવું તોય ઓછું છે.

એ વખતે તો પિયરીયા ચૂપ રહ્યા, પણ પત્ની અને પિયરીયાઓએ નાના ભાઈનો છાલ ન છોડયો. જ્યારે મોકો મળે ત્યારે સંભળાવતા : આવી વેવલી વાતો બંધ કરો. જરા સમજો, નહિં તો પસ્તાશો. એક સરખું બાર મહિના આમ, બ્રેઈનવોશિંગ ચાલ્યુ.

હિટલરનો એક સરદાર હતો. એનું નામ હતું ગોબેલ્સ. આ ગોબેલ્સનો એક સિદ્ધાંત હતો . એકનું એક જુઠ છ વાર સત્ય તરીકે દોહરાવો, તો સાતમી વખત એ જૂઠ સત્ય બની ગયા વગર નહીં રહે.

નાનાભાઈએ પત્નીના પીયરીયાઓને એક દિવસ કહી દીધું : તમે ચિંતા ન કરો, હવે હું મોટા ભાઈને કહી દઈશ.... કે મારે ભાગ પાડવા છે.

પત્નીનો પીયરપક્ષ રાજી રાજી થઈ ગયો. એ લોકોએ આને બરાબર પાકો કર્યો. જુઓ ! તમે હજી ભોળા છો, નાદાન છો, તમને બહુ અનુભવ નથી, તમે નાના હતા ત્યારથી ધંધો બધો એમના હાથમાં હતો, એટલે આજ સુધીમાં એમણે ઘણાય રૂપીયા દબાવ્યા હશે. આ રૂપીયા એમણે કયાં ઘાલ્યા એની તમને ખબર ન પડે. ભાગ પાડતી વખતે થોડા અમારા જેવા અનુભવીઓને વચ્ચે રાખજો. તમારા માટે બીજા કોઈનું હૈયું બળે ન બળે પણ અમારું તો બળે ને ? અમારી દીકરીનું ય અમારે જોવાનું કે નહિ જોવાનું?

નાનો ભાઈ ભાગલા પાડવામાં એકદમ મકકમ થઈ ગયો. મોટા ભાઈનો ઉપકાર હવે ભૂલાઈ ગયો.

એક કવિએ સરસ વાત કરી છે :

સોના સમા હતા એ ભંગાર બની બેઠા,
જે શાંત હતા એ હવે અંગાર બની બેઠા,
કેવાઓને પનારે પાડયો હું આજકાલ,
સ્નેહી હતા એ શત્રુની લંગાર બની બેઠા.

એક દિવસ લાગ જોઈને મોટા ભાઈને એણે કહ્યું : મોટા ભાઈ ! મારે જુદા થવું છે. આ સાંભળતા જ મોટા ભાઈને જબરદસ્ત આંચકો લાગ્યો. સ્વપ્નમાં જેનો વિચાર ન આવ્યો હોય... એ સાંભળતા મોટાભાઈએ પૂછયું : કાંઈ કારણ ?

ના, કોઈ કારણ નથી. બસ, મારું મન એમ કહે છે... મારે જુદા પડવું છે. નાનાએ કહ્યું.

મોટાભાઈ સમજી ગયો. કોઈએ કાનભંભેરણી કરી લાગે છે.

એણેકહ્યું. : સારું આવતી કાલે નિર્ણય કરી લઈએ.

બીજા દિવસે પેઢી બંધ રાખી બેય ભાઈ બધા ચોપડા લઈને રૂમમાં બેસી ગયા.

મોટાભાઈએ કહ્યું : જોઈ લે ચોપડા. આટલું આટલું છે આપણી પાસે. આમાંથી તને જે જોઈએ તે બધુ તારું, પછી જે બચશે તે મારું.

પઢાવેલા પોપટ જેવો નાનો ભાઈ બોલતો ગયો.

પિતાજીનું ઘર મારે જોઈએ.

સારું.

આ ઓફિસ મને જોઈએ.

સારું.

નાનો ભાઈ બોલતો ગયો અને મોટો ભાઈ હા પાડતો ગયો. નાનો ભાઈ બોલતો બંધ થયો એટલે પાછું પૂછી લીધું.

બોલ, હવે કાંઈ જોઈએ.

ના બસ, હવે મને સંતોષ છે.

પીયરીયાને વચ્ચે રાખ્યા વગર જ બધું સીધે સીધું પતી ગયું. એ લોકોને એમ હતુ કે અમને વચ્ચે પડવાની થોડી તક મળશે. પણ ન મળી.

જે ઘરમાં બે ભાઈ રહેતા હતા એ ઘર નાનાને આપીને મોટોભાઈ જુદો રહેવા જતો રહ્યો. ચાલુ ઓફીસ પણ નાનાને આપી દીધી. પોતાના માટે બીજી નાની ઓફિસ લઈ લીધી.

જે રીતે પત્નીના પિયરીયાઓએ એને ચડાવેલા એ જોતા તો નાનાભાઈને એમ લાગતું હતું... આ કેસ સીધો નહિ ઉતરે. પણ મોટા ભાઈની સરળતા જોઈને નાનો ભાઈ તો દંગ થઈ ગયો. એને પોતે ખોટું કર્યું છે એવો પસ્તાવો થવા લાગ્યો. એની રાતની ઊંઘ હરામ થઈ ગઈ, દિવસની મજા મરી ગઈ.

એને હવે જરાય ચેન પડતું ન હતું. શું કરવું એ જ સમજાતું ન હતું. એને ઘડીકમાં પોતાના પર ગુસ્સો આવતો હતો તો ઘડીકમાં પોતાના પીયરીયા પર કાળ ચડતો હતો. હવે કયા મોઢે પોતાના ભાઈ પાસે જવું એ એને સમજાતું ન હતું.

૨/૪ દિવસ થયા. ત્યાં પીયરીયા ટપકી પડયા. એ લોકોએ પૂછયું : અરે ! તમારું આમ સીધે સીધું પત્યું કેવી રીતે ? તમે તો અમને યાદ ન કર્યા. જરા અમને સમજાવો તો ખરા - કઈ રીતે તમારું પત્યું. એ સહુને એમ હતુ કે આમનું સીધેસીધું નહિ ઉતરે. મોટો ભાઈ ઘણી ગેમ રમશે. પણ અહીં તો આખી પરિસ્થિતિ જ જુદી હતી.

નાનો ભાઈ લાગ જોઈને જ બેઠો હતો. બંદુકમાંથી ગોળો છુટે એમ કચકચાવીને બોલવાનું એણે શરૂ કર્યું.

આજ પછી આ ઘરમાં પગ મૂકવો હોય તો હવે કયારેય આ વાત નહિ કાઢતા. મારી બુદ્ધિને ગીરવે મુકીને તમારી બુદ્ધિથી ચાલવા ગયો, એમાં મારા સુખ - ચેન ચોરાઈ ગયા. મારા મનની શાંતિ હરાઈ ગઈ. મારી પ્રસન્નતા લુંટાઈ ગઈ.

તમારી વાતમાં આવી ગયોને જરાક અમથા સ્વાર્થ માટે ભગવાન જેવા મારા ભાઈ સાથે મેં કેવો નબળો વ્યવહાર કર્યો તે હું જાણું છું. આવો ભાઈ ધોળે દિવસે દીવો લઈને શોધવા જઈએ તોય ન જડે. તમે બધા આ ઘરમાંથી રવાના થાવ. મારે મોટા પાપનું પ્રાયશ્ચિત કરવું છે.

વીલા મોઢે સહુ ઘરમાંથી બહાર નીકળી ગયા. બીજા દિવસે નાનો ભાઈ મન મકકમ કરી મોટા ભાઈના ઘરે ગયો. ભાઈને જોતા જ ભાઈના પગમાં પડી ચોધાર આંસુએ રડવા લાગ્યો.

રડતાં રડતાં જ એણે કહી દીધું : ભાઈ ! મારી આંખ ખુલી ગઈ છે, મને સત્ય સમજાઈ ગયુ છે. મારે જુદા નથી રહેવું. આજ થી બધું જ ભેગું. કો'કના ચડાવ્યો ચડી ગયો. મારી ભૂલ થઈ ગઈ. મને માફ કરો. મારે પહેલાની જેમ જ તમારા દીકરાની જેમ જીવવું છે.

મોટાભાઈએ ઠપકાનો એક પણ શબ્દ કહ્યા વગર એના માથા પર હાથ ફેરવ્યો. એને શાંત પાડયો.

મોટાભાઈની ઉદારતાથી તૂટેલું ઘર ફરી પાછું સંધાઈ ગયું.

નાનાભાઈના પીયરીયાઓને એ દિવસથી પોતાનું મોઢું બતાવવું ભારે પડી ગયું.

# Reader's Opinion

Dear Shri Ramnikbhai Shah,

Jai Jinendra!

Trust this letter will find you & your family in excellent health & cheerful events!

It was a great pleasure to spent eight days at Leelavati Naturecure & Yoga Research Center. I have received good treatment for my back problem. I am very thankful to you for your personal interest in my health problems.

I have enjoyed my stay & treatment in the premises of the center. All therapists & staff of the center are very disciplined & knowledgeable in their work. I am fully satisfied with the service & accommodation provided to me at the center.

I am sure that Leelavati Nature cure Center, Lakhabaval is one of the best nature cure center in India. Anything I can do for you in Mumbai, it will be my pleasure.

Thanking you,
With Best Regards,
Dr. H.M.Mehta
Chairman,
Shri M.D.Mehta Education Trust, Darbargadh, Dhrol

## ઓશવાળ સ્કૂલના દાતા પરીવાર દ્વારા શાળાની શુભેરછા મુલાકાત

ઓશવાળ શિક્ષણ અને રાહત સંઘ સંચાલીત ઓશવાળ બાલમંદિર અને પ્રાથમિક શાળા "મૃદુ મંગલ" બંગલાના દાતા પરીવારના શ્રી મનુભાઈ ચંદરીયા તારીખ ૧૩ જાન્યુઆરી ૨૦૨૦ ના રોજ શાળાની શુભેરછા મુલાકાતે પધારેલ આ તકે શાળા સંચાલન સમિતી તેમજ બોર્ડીંગ સમિતીના શ્રી કાંતીભાઈ ચંદરીયા દ્વારા તેમનુ સ્વાગત કરવામા આવેલ અને શાલ ઓઢાડી સન્માન કરવામાં આવેલ. શાળાના કન્વિનર શ્રી મનિષ કિશોરભાઈ પારેખ દ્વારા તેમને શાળાની પ્રવૃતિઓ, શાળા માટે ભવિષ્યના આયોજનો તેમજ બાકી રહેતા બિલ્ડીંગ રીનોવેશન કાર્ય અંગે માહિતીગાર કરવામા આવેલ. ત્યારબાદ શાળા રીનોવેશન કાર્યનુ નિરીક્ષણ કરવામાં આવેલ. દાતા પરીવાર દ્વારા શાળાના વિદ્યાર્થીઓ ના સર્વાંગી વિકાસ, અભ્યાસ અને ઈતર પ્રવૃતિઓ અંગેની જાગૃતતા બદલ શાળા સંચાલન સમિતી તેમજ શાળા પરીવારને બિરદાવેલ અને શાળા ઉતરોતર પ્રગતિ કરે તેવી શુભેરછા પાઠવવામા આવેલ.



## શ્રી એલ.જી.હરિયા સ્કૂલનાં કે.જી. વિભાગમા પ્રકૃતિપર્વ વસંત પંચમીની શાનદાર ઉજવણી



શ્રી ઓશવાળ એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રી એલ. જી. હરિયા સ્કૂલનાં કે. જી. વિભાગમાં ભારતીય પ્રકૃતિ પર્વ એવા વસંત પંચમીનાં પાવન દિવસે વિદ્યાની દેવી મા સરસ્વતીની ભવ્ય પૂજાનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું શાળાનાં વિશાળ પ્રાર્થનાગૃહમાં શાળાનાં આચાર્યશ્રી ધવલ પટ્ટ, એડમીનીસ્ટ્રેટર શ્રી વ્યોમેશ વૈદ્ય, કે. જી. વિભાગના કો-ઓર્ડીનેટર શ્રી સસ્મિતા મોહંતી, પી.આર.ઓ. શ્રી બંસરી ભટ્ટ, સ્કૂલનાં સુપરવાઈઝર શ્રી કલ્પેશ પરમાર, નિશીત ગણાત્રા તથા સ્ટાફગણ બાળકો સાથે સહર્ષ ઉપસ્થિત રહયા હતા. બાળકોએ કતારબધ્ધ ઊભા રહી મા સરસ્વતીનાં પાવન ચરણોમાં પુષ્પ અર્પણ કરીને આશીર્વાદ મેળવ્યા હતા. શાળાના સ્ટાફે આ પાવન પર્વના વધામણા માટે વસંત ઋતુનાં ગીતો ગાયા હતા.



શ્રી સસ્મિતા મોહંતીએ બાળકોને આપણા જીવનમાં પ્રકૃતિનું કેટલું મહત્વ છે એ બાબતે સુંદર સમજણ આપી હતી. સાથે સાથે મા સરસ્વતીની વંદનાર્થે સ્ટાફ ગણે વિદ્યાની આરાધના અર્પણ કરતા સંસ્કૃત શ્લોકો પણ ગાયા હતા. સ્ટાફગણે પીળા વસ્ત્રો પરિધાન કરીને વસંતના રંગીન વધામણાને ગીતો દ્વારા વ્યકત કર્યા હતા. બાળકોએ ખુબ રંગેચંગે આ સરસ્વતી પૂજા માણી હતી. ભારતીય પરંપરાના આ તહેવારની ભવ્યાતિભવ્ય ઉજવણી અને મા સરસ્વતીની આરાધનાની અવિસ્મરણીય ક્ષણો સહુએ હર્ષોલ્લાસથી માણી હતી.

# 'જૈન મંત્ર, સ્તોત્ર અને યંત્ર' વિશે યોજાયેલું સંશોધનલક્ષી જ્ઞાનસત્ર.

ઈન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજીના ઉપક્રમે ૧૮ અને ૧૯ જાન્યુઆરી ૨૦૨૦નાં રોજ જૈન સાહિત્ય જ્ઞાનસત્ર સંપન્ન થયું. આ જ્ઞાનસત્રનો વિષય હતો 'જૈન મંત્ર, સ્તોત્ર અને યંત્ર'. છવ્વીસ જેટલાં સંશોધકોએ જૈન ધર્મનાં વિવિધ મંત્ર-સ્તોત્ર અને યંત્ર વિશે પોતાના અભ્યાસપૂર્ણ વિચારો પ્રગટ કર્યા. પદ્મશ્રી ડો. કુમારપાળ દેસાઈના પ્રમુખપદે યોજાયેલા આ જ્ઞાનસત્રના પ્રારંભે પ્રથમ બેઠકના અધ્યક્ષ આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતા સ્થપતિ શ્રી બાલકૃષ્ણ દોશીએ કહયું કે જયારે જયારે વિશ્વકોશ ભવનમાં આવ્યો છું, ત્યારે ત્યારે મને આશ્ચર્ય અને અચંબો થાય છે. કેવા કેવા ગહન વિષયો અંગે અહીં મળીને વિદ્વાનો વિચાર વ્યકત કરે છે. વિશિષ્ટ અને સંશોધનાત્મક જ્ઞાનસત્ર યોજવાની પહેલ કરનારી આ સંસ્થાને અભિનંદન પાઠવ્યા. જ્ઞાનસત્રના ઉદઘાટક શ્રી ગણપતભાઈ ચૌધરીએ કહયું કે શિક્ષણ દ્વારા આવા જ્ઞાનસત્રો ઉત્તમ વ્યકિતત્વના નિર્માણમાં સહાયક બની શકે છે. જયારે ઈંગ્લેન્ડથી આવેલા વિદ્વાન અને ભારતના 'પદ્મ' એવોર્ડ જેવો ઈંગ્લેન્ડનો ઓ.બી.ઈ. નો ખિતાબ મેળવનાર વિનોદ કપાસીએ 'યંત્રલેખન - ભકિતભાવ કે અંકગણિત' એ વિશે વાત કરતા કહયું કે અંકગણિતનો પ્રભાવ યંત્ર પર પડે છે. તેમણે નવગ્રહનો યંત્ર વિશે ઊંડાણપૂર્વકની સમજૂતી આપી. યંત્રોના બધા આંકડા પાછળ રહસ્ય શું છે? એની આરાધના કેમ કરવામાં આવે છે? અને જૈન ધર્મના જૈન આચાર્યોએ યંત્રોની કેવી અદભુત રચના કરેલી છે તે દર્શાવીને ગણિત અને અધ્યાત્મના સંબંધની વાત કરી.

રાષ્ટ્રસંત પરમ ગુરૂદેવ શ્રી નમ્ર મુનિ મ. સા.એ મહાપ્રભાવક શ્રી ઉવસગ્ગહરં સ્તોત્ર વિશે વિડિઓ દ્વારા જણાવ્યું કે આપણા શરીરમાંથી સતત ઊર્જા પ્રગટ થતી હોય છે, જેટલો ઊર્જાનો ફોર્સ હોય એટલી ગતિ હોય. આપણા મુખમાંથી જે શબ્દ નીકળે, એ જેટલા ફોર્સથી નીકળે એટલી તીવ્ર ગતિથી એ ચૌદ રાજલોક સુધી પહોંચે છે. શબ્દમાં જયારે સર્વાંગની ઊર્જા અને સ્વયંની શ્રદ્ધા ભળે છે, ત્યારે તે શબ્દ એક દિવ્ય શકિતથી સમૃદ્ધ મંત્રરૂપ બની જાય છે. વૈશ્વિક મંત્રોમાં શ્રી નવકાર મહામંત્રની વિરલ વિશેષતા વિશે જ્ઞાનસત્રના અધ્યક્ષ ડો. કુમારપાળ દેસાઈએ કહયું કે દરેક ધર્મનું ભવન એક મુખ્ય મંત્રની આસપાસ રચાય છે. નમસ્કાર લોકોત્તર મંત્ર છે એ એની પહેલી વિશેષતા છે. નમસ્કાર મંત્રનું મુખ્ય પ્રયોજન આત્મશુદ્ધિ કે મોક્ષપ્રાપ્તિ છે. તેથી તે લોકોત્તર જ ગણાય. આકર્ષાણાદિ કાર્યો તેના વડે સિદ્ધ થાય છે ખરા, પણ તે એનું મુખ્ય પ્રયોજન નથી. 'ઋષિમંડલ સ્તોત્ર' વિશે મધ્યકાલીન સાહિત્ય અને વિશેષ કરીને જૈન સાહિત્યના અભ્યાસી ડો. અભય દોશીએ પ્રકાશ પાડયો. ઋષિમંડલ સ્તોત્રના પ્રારંભે વર્ણમાતૃકાના પ્રથમ અને અંતિમ અક્ષરના સંયોજનથી બનતા મંત્રની વાત કરી. મંત્ર અને સ્તોત્ર વિશે કેટલીક પાયાની વાતો ડો. સેજલ શાહે કરીને સંસ્કૃત સ્તોત્ર કાવ્ય, સ્તોત્ર શબ્દનો વ્યુત્પતિજન્ય અર્થ, સ્તોત્ર અને સ્તુતિ વચ્ચેનો ભેદ, ભકિતનો મહિમા વગેરે વિશે ઊંડાણપૂર્વકની સમજ આપી. ડો. રતનબહેન છાડવાએ 'સર્વતોભદ્ર સ્તોત્ર', ડો. પાર્વતીબહેન ખીરાણીએ 'શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ સ્તોત્ર', શ્રી ગુણવંતભાઈ બરવાળીયાએ ' કલ્યાણમંદિર સ્તોત્ર' ના સર્જક આચાર્યશ્રી પૂ. સિદ્ધસેન દિવાકરજી વિશે વાત કરી. સર્વ શ્રી કનુભાઈ શાહ, છાયાબેન શાહ, રતનબેન છાડવા, ખીમજીભાઈ છાડવા, પાર્વતીબેન ખીરાણી, શૈલેષી અજમેરા, પ્રીતિ શાહ, હિના શાહ, જેપલ શાહ વગેરે અભ્યાસીઓએ વિવિધ મંત્રો અને સ્તોત્રોની પરિભાષા, રહસ્ય, અધ્યાત્મ અને વિજ્ઞાન વિશે વકતવ્ય આપ્યા. આ વિષય પર યોજાયેલા જ્ઞાનસત્રની મહત્વની બાબત એ બની રહી કે આ જ્ઞાનસત્રમાં રજૂ થયેલા સંશોધન-પત્રો આ જ સમયે પુસ્તકાકારે પ્રગટ કરવામાં આવ્યા.

ડો. સુધીર શાહ આ જ્ઞાનસત્રમાં ખાસ ઉપસ્થિત રહયા હતા. તેમણે કહયું કે આપણા શરીરમાં બે પ્રકારની ચેતન વહે છે. દિવ્ય ચેતનામાં આર્ષદષ્ટા ઋષિઓએ જે કાંઈ પરમ સત્યને જોયું, એને ધ્વનિમાં અને શબ્દમાં અંકિત કર્યુ. આ જ્ઞાનસત્રમાં ચંદ્રયાન-૧-૨માં મહત્વનું કાર્ય કરનાર અવકાશ વિજ્ઞાની શ્રી નરેન્દ્રભાઈ ભંડારી અને લેખક અને પત્રકાર તથા જૈન ધર્મના અભ્યાસી શ્રી ગુણવંતભાઈ બરવાળિયાનું 'લાઈફ ટાઈમ'એચિવમેન્ટ એવોર્ડ' આપીને ઇન્સ્ટિટયુટ ઓફ જૈનોલોજીએ સન્માન કર્યુ. શ્રી શ્રીયકભાઈ શેઠે સ્વાગત કર્યુ હતું અને બંને દિવસોએ તમામ બેઠકમાં વિદ્વાનો, અભ્યાસુઓ અને જિજ્ઞાસુઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

# જય જય શ્રી આશાપુરા માતાજી

## ।। હાર્દિક સ્મરણાંજલી ।।

### ગામ : જોગવડ



શ્રી હેમરાજ લખધીર ગુડકા
જન્મ : ઈ.સ.૧૯૦૦
સ્વર્ગવાસ : ૧૦.૦૬.૧૯૫૮



શ્રીમતી હિરૂબેન હેમરાજ ગુડકા
જન્મ : ઈ.સ.૧૯૦૬
સ્વર્ગવાસ : ૦૫.૧૦.૧૯૬૩



શ્રી કરમશી હેમરાજ ગુડકા
જન્મ : ૧૯.૦૩.૧૯૩૦
સ્વર્ગવાસ : ૧૮.૧૧.૨૦૦૪



શ્રીમતી કસ્તુરબેન કરમશી ગુડકા
જન્મ : ૦૮.૦૭.૧૯૩૪
સ્વર્ગવાસ : ૨૬.૦૯.૨૦૧૭



શ્રી વેલજી હેમરાજ ગુડકા
જન્મ : ૧૩.૦૪.૧૯૩૨
સ્વર્ગવાસ : ૨૫.૧૦.૨૦૦૨



માવડી કસ્તુરબેન વેલજી ગુડકા
જન્મ : ૧૨.૦૯.૧૯૩૫
સ્વર્ગવાસ : ૧૬.૧૧.૨૦૧૫



શ્રી હરખચંદ હેમરાજ ગુડકા
જન્મ : ૨૫.૧૧.૧૯૩૪
સ્વર્ગવાસ : ૧૪.૧૨.૨૦૦૦

ધરતી શોભે છે વનરાય થી, વનરાય શોભે છે વૃક્ષો થી.
વૃક્ષો શોભે છે ફૂલો થી, ફૂલો શોભે છે સુગંધ થી
એમ જ અમે શોભીએ છીએ, તમારી સાથેના ઋણાનું બંધનથી.

શ્રી કાન્તિલાલ હેમરાજ ગુડકા
શ્રી અજયકિરણ કાન્તિલાલ ગુડકા
શ્રી નયન કાન્તિલાલ ગુડકા
શ્રેયા અજયકિરણ ગુડકા
રેયાંશ નયન ગુડકા

શ્રીમતી હંસાબેન કાન્તિલાલ ગુડકા
શ્રીમતી હર્ષાબેન અજયકિરણ ગુડકા
શ્રીમતી નેહલબેન નયન ગુડકા
કેરવી અજયકિરણ ગુડકા
શનાયા નયન ગુડકા

શ્રીમતી આનંદી અજેય ગોસરાણી

શ્રી કાન્તિલાલ હેમરાજ ગુડકા મો.: ૯૮૨૦૦ ૩૫૫૨૬ / ૮૪૪૬૬૨૧૪૧૪
શ્રી અજયકિરણ કાન્તિલાલ ગુડકા ઘર : ૨૪૦૯૨૪૮૩ / ૨૪૦૯૩૦૧૦ શ્રી નયન કાન્તિલાલ ગુડકા ઘર : ૨૪૦૮૧૪૧૪ / ૨૪૦૯૧૪૧૪

ANUPAM INDUSTRIES
House of Aromas

ASHAPURA AROMAS PVT. LTD.
An Anupam Group Enterprise

Unit 22, Champaklal Industrial Estate, Sion (East), Mumbai - 400 022. (INDIA).
Tel.: +91-22-4355 5100 / 9769001414 • Fax : +91-22-2407 6336 • Email : contact@anupamindustries.com • Website : www.anupamindustries.com




This is the story of Veer, a Gujarati Jain boy from London (UK). He has been diagnosed with a **rare genetic disorder** called Fanconi Anaemia. This means his bone marrow is not working properly, and so his **blood stem cell production is reducing**, as are his blood counts.


As a result, he will need a **stem cell transplant.** For this he needs a **generous stem cell donor**. **You could be the one to save his life**, or others in a similar position.

It is **very difficult** for Indians to find a matched donor, because there are **very few Indians on the global registers**. The chances for Veer are around 20%. His chances will increase significantly if many more Indians will register as donors.

**Who is Veer?**

Veer was born in April 2016. He is a very smart, adventurous young boy. He is very energetic and brings a lot of joy to all those around him, young and old. Veer and his elder sister Suhani have been raised with strong cultural values. The family is very religious, following Jain traditions strictly. Both Veer and Suhani go to Pathshala every Sunday, with classes conducted by their father Nirav. As such, the family are ensuring the peaceful religion thrives outside India.

**Veer's Dada-Dadi**



**Jayantilal Devshi Gudhka** (Mota Lakhiya, Jamnagar)

**Jaya Jayantilal Gudhka** (Champaberaja, Jamnagar)

**Veer's Nana-Nani**



**Naresh Devshi Shah** (Moti Rafudar, Jamnagar)

**Nisha Naresh Shah** (Vasai, Jamnagar)

**Veer's Family**



**Nirav Gudhka** (Father)

**Kirpa Gudhka** (Mother)



**Suhani** (Sister 5 Years)

**Veer** (3 Years)

Find out more
@HelpVeerNow
@DatriWorld

# # Help Veer Now

RegisterNOW@ https://datri.org/swab-now-and-save-veer/

**How YOU Can Help**

If you have been inspired by this story and want to help our wonderful Veer (and others in need of a stem cell transplant), you can **get registered the below listed organisations** - either online (see links provided) or at an organised drive event.

**Registration Process**

It's **really easy** to get registered. If you register online, you get a kit in the post to **swab your cheek** at home, and then send the swab back in the post. That's it! **No blood tests required!** Once registered, you can be matched against any patient (globally) searching for a donor. If you do match, you will have the **rare opportunity to save a life**. Blood group is not a factor in the matching process, so even if you have a rare group, get yourself registered.

**Donation Process**

If you are a match, the process to donate your stem cells is easy too. The word transplant may seem scary, but in this case the **process is simple**. In 90% of cases, the process is **similar to blood donation**. For the other cases (especially where the patient is a child) the stem cells are taken (under general anaesthetic) from the hip bone (and not the spine), with a needle. You **shouln't need to travel far to donate**, even if you are donating for a patient abroad. **There couldn't be a simpler way to save a life!**

**More Information**

To learn more about being a donor, and how to register please visit:

# www.helpveernow.org

**Donor Registration Drive Events**

If you would prefer to register in person, rather than online, you can come along to a registration drive event. To find out if there is one near you you can visit our Facebook events page, or contact Jatin Gudhka on 0932 374 0040. In case there aren't any events in your locality, and if you have been inspired by this story, you may like to help in organising a drive event in your area. If you want to find out more about that, please also contact Jatin Gudhka.

**Register Today :**

**www.helpveernow.org**

Find out more
@HelpVeerNow
@DatriWorld

**# Help Veer Now**

# ધી નવાનગર કો–ઓપરેટીવ બેંક લિ.

PROUDLY CO-OPERATIVE

E : mail@nawanagarbank.co.in | www.nawanagarbank.co.in

'નવાનગર બેંક ભવન', પ્રણામી સ્કુલ સામે, હિરજી મિસ્ત્રી રોડ, જામનગર. ફોન : ૨૫૬૩૯૮૪ – ૮૫

## 'નાના માણસોની મોટી બેંક'
## 'સહકારીતાનો વ્યવસાયિક ઉદેશ્ય માનવ સેવા'

### • આધુનીક બેંકીંગ સુવિધાઓ ફ્રી ઓફ ચાર્જ •

- RTGS / NEFT થી ફંડ ટ્રાન્સફર
- E-PAYMENT I.T. / G.S.T.
- SMS ALERT
- RuPay ડેબીટ કાર્ડ
- મોબાઈલ બેન્કીંગ NEFT ફંડ ટ્રાન્સ્ફર સુવિધા સાથે
- ઓનલાઈન શોપીંગ
- મોબાઈલ એપથી વિજ બિલ, ગુજરાત ગેસ બિલ, મોબાઈલ બિલ પેમેન્ટ સુવિધા

### • બેંકની વિશેષ સેવાઓ •

- જામનગર મહાનગર પાલીકાના વેરાઓ ની ચુકવણી કોઈ પણ શાખાઓમાંથી
- GUJARAT GAS — ગુજરાત ગેસના બિલોની ચુકવણી કોઈ પણ શાખાઓમાંથી
- PGVCL — પી.જી.વી.સી.એલ.ના વિજ બિલો બેંકની દરેડ - શરૂ સેક્શન રણજીત સાગર રોડ - ગુલાબનગર ગોકુલનગર શાખાઓમાં ભરવાની સુવિધા

બેંકના એકાઉન્ટમાં રજીસ્ટર્ડ કરેલ મોબાઈલ નંબર પરથી ૭૦૬૯૦ ૭૦૯૦૦ મોબાઈલ નંબર પર મિસ્ડ કોલ કરવાથી ખાતાની બેલેન્સ જાણવાની સુવિધા...

બેંકની ઉપરોક્ત સુવિધાઓ અને સેવાઓનો અવશ્ય લાભ લેવા વિનંતી

# ધ વિઝન ઈન્ડસ્ટ્રીયલ પાર્ક

જામનગરના પ્રખ્યાત બીલ્ડર પરાગભાઈ શાહ દ્વારા " ધ વિઝન ઈન્ડસ્ટ્રીયલ પાર્ક" ની સ્થાપના કરવામાં આવી છે. જેનો ઉદ્દેશ ઉદ્યોગપતિઓને સંગઠિત માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા સાથે સુવિધાપૂર્વકનું સુઘડ અને વ્યવસ્થિત પ્લેટફોર્મ પુરૂ પાડવાનો છે. યુવાન ઉદ્યોગ સાહસિકો આનો લાભ લઈ શકે તે ધ્યેય છે.

ચેમ્બર ઓફ કોમર્સ, સહકારી ક્ષેત્ર, સોમા (SOMA) અને સામાજીક સંસ્થાઓમાં સેવા પ્રદાન કરનાર ગુલાબચંદભાઈ શાહના પુત્ર પરાગભાઈએ ત્રણ કરતા વધારે દાયકાથી વ્યાપારી સંકુલો, ઓદ્યોગિક શેડ્સ, ગોડાઉન, રહેણાંક, રિસોર્ટ, ધાર્મિક સંકુલના પ્રોજેકટસને સફળતાથી વિકસાવેલ છે.

જામનગર શહેર તેના બ્રાસ ઉદ્યોગ માટે વૈશ્વિક સ્તરે ખૂબ જાણીતું છે. આ ઉદ્યોગની વૃદ્ધિ અને વિસ્તરણ માટે ખૂબ જ તેજસ્વી સંભાવનાઓની અપેક્ષા રાખતા શ્રી પરાગભાઈ શાહે વિઝન ઈન્ડસ્ટ્રીયલ પાર્કનું નિર્માણ કરવાનું સાહસ કરેલ. આ ઈન્ડસ્ટ્રીયલ પાર્કના નિર્માણ સાથે સૌરાષ્ટ્ર ક્ષેત્રમાં વિકસતા ઉદ્યોગો અને સંગઠિત પ્લેટફોર્મ ઉપલબ્ધ કરાવવાની કોશિશ કરેલ. આ સાથે જ યુવા સાહસિકોને પોતાના વ્યવસાયની જમીન માલિકીની લેવાની તક પૂરી પાડેલ, સામાજીક તેમજ આર્થિક અને વ્યાપારી સ્થિરતા માટે સજ્જ અને અનુકુળ વાતાવરણ પૂરૂ પાડેલ છે.

આ પ્રોજેકટને આપણા માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની "મેક ઈન ઇન્ડીયા" પહેલનું એક પ્રતિબિંબ પણ ગણી શકીએ. આ વિશાળ પાર્કની સ્થાપના સાથે આપણા સૌરાષ્ટ્ર ક્ષેત્રમાં અંદાજીત એક લાખ કુશળ અને બિનકુશળ રોજગારની વિભિન્ન ઉમદા તકો ઉત્પન્ન થશે.

વિઝન ઈન્ડસ્ટ્રીયલ પાર્ક જેની શરૂઆત શ્રી પરાગભાઈ શાહ દ્વારા કરવામાં આવેલ છે. તેમાં સાથ મળ્યો છે શ્રી હરિશભાઈ ગુઢકા પરિવાર, શ્રી રાહુલભાઈ સાવલા પરિવાર (સાવલા ગ્રુપ)

આ પ્રોજેકટ ગુજરાત સરકાર દ્વારા માન્ય પ્રોજેકટ છે. આ પ્રોજેકટના વિકાસ ખર્ચ પર સરકારશ્રી દ્વારા ૨૫ ટકા સબસિડી આપવામાં આવી છે. જેના કારણે પ્રમોટરો માટે એમ.એસ. એમ. ઈ. ઉદ્યોગો અને અન્ય ઉદ્યોગગૃહોને ખૂબ જ વ્યાજબી દરે આ પ્લોટોનું પ્લાનીંગ અને પ્રદાન શકય બન્યુ છે.

આ પ્રોજેકટ સરકાર શ્રી દ્વારા માન્ય પ્રોજેકટ હોવાના કારણે પ્લોટ ધારકો સ્ટેમ્પ ડયુટી ચાર્જીસના ૫૦ ટકા રકમ, જે પ્લોટના માલિકોના માલિકોને રજીસ્ટ્રી દસ્તાવેજીકરણ પ્રક્રિયા પૂર્ણ થવા પર સરકારશ્રી દ્વારા પરત આપવામાં આવશે.

આ પ્રોજેકટના નિર્માણથી, જામનગર બ્રાસ સીટી તરીકે જગતભરમાં ઓળખાય છે તેમજ જેનું લગભગ વાર્ષિક દસ થી બાર હજાર કરોડ રૂપિયાનું ટર્ન ઓવર છે. તે ઈન્ડસ્ટ્રીઝના વિકાસમાં સહભાગી થવા માટે ઉદ્યોગ સાહસિકોને યોગ્ય પ્લેટફોર્મ" પૂરૂ પાડશે.

**વિસ્તાર :**

- પાર્ક ૫,૯૮,૮૪૧ ચોરસ મીટરમાં ફેલાયેલ છે. દરેક ઓદ્યોગીક પ્લોટનો વિસ્તાર ૩૬૩ ચોરસ મીટરથી ૮,૮૪૪ ચોરસ મીટર વચ્ચે છે. જે એમ.એસ. એમ.ઈ. સેકટરના ધારાધોરણને અનુરૂપ છે. બ્રાસ અને તેના અનુસાંગિક ઉદ્યોગો, મેટલ વર્કસ, ઓટો પાર્ટસ અને અનુસાંગિક ઉદ્યોગ, પેકેજીંગ અને લોજીસ્ટીકસ વગેરેને ખૂબ અનુકુળ છે.
- ચંગા ગામ શહેરના જીઆઈડીસી વિસ્તારથી ફકત ૬.૫ કી.મી. અંતરે આવે છે. જામનગર શહેરથી ફકત ૧૬ કી.મી.ના અંતરે છે. પાર્કની નજીકનું રેલ્વે સ્ટેશન જામનગર ૨૦ કી.મી., એરપોર્ટ ૧૬ કી.મી. તેમજ બંદર ફકત ૨૮ કી.મી. છે.

**મુખ્ય સુવિધાઓ અને આકર્ષણ :-**

- દરેક સીસી આંતરિક માર્ગ ૧૮ મીટર અને ૧૫ મીટરની પહોળાઈના છે.
- ૧૧ કેવી ક્ષમતાની વિજ સુવિધા/ પીજીવીસીએલ.
- દરેક આંતરિક રસ્તાઓ એલ.ઈ.ડી લાઈટ વિજ થાંભલાથી સજ્જ,
- જી.એસ.આર. ૧૦ લાખ લીટર તેમજ ઈ.એસ. આર. ૫ લાખ લીટર સુધી.
- આગ સામે પુરતી ક્ષમતા ધરાવતુ જળ સંગ્રહનું માળખું.
- ભૂગર્ભ ગટરની સુવિધા સ્યુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ સાથે.
- વે બ્રીજની સુવિધા
- ૨૪/૭ સીકયોરીટી હેલ્પ ડેસ્ક
- પાર્કના દરેક જાહેર રસ્તાઓ સીસી કેમેરાથી સજ્જ,
- સમગ્ર પાર્ક વિસ્તારને આવરી લેતી કમ્પાઉન્ડ વોલ
- એક જ વખત ભરવાપાત્ર મેઈન્ટેનેન્સ ડીપોઝીટ રૂા. ૧૫ એક ફૂટના
- વાઈ-ફાઈ સગવડ સાથે વિડીયો કોન્ફરન્સ હોલ,
- કેન્ટીન/ ડાઈનીંગ હોલ
- પાર્કના સુગમ અને સુઘડ વહીવટ માટે વહીવટી ભુવન
- લીનીઅર ગ્રીન બેલ્ટ
- મુલાકાતી અને માલિક માટે આગવા ફાળવવામાં આવેલ પાર્કીંગ માલવહન વાહનો માટે સુવિધા.

આટલી માળખાકીય સુવિધાઓ ધરાવનાર જામનગરનો પ્રથમ ઈન્ડસ્ટ્રીયલ પાર્ક છે. વિસ્તારની દ્રષ્ટિએ કચ્છ સૌરાષ્ટ્રમાં સૌથી વિશાળ છે. ૨૬ જાન્યુઆરીના જામનગર વ્યાપાર ઉદ્યોગ જગતના માધાંતાઓની હાજરીમાં પ્રમોટરોના હસ્તે ઉદ્ઘાટન કરીને વિઝન ઈન્ડસ્ટ્રીયલ પાર્કને ખુલ્લો મુકવામાં આવ્યો છે.

# THE VISION INDUSTRIAL PARK

Under the leadership of, Shri Paragbhai Shah - one of Jamnagar city's well-known Real estate builder and developer, has envisioned and established "Vision Industrial Park" that aims at providing much required organised infrastructure and essential amenities to industrialists and presents an affordable platform to set up Industries and contribute towards the growth of Young Entrepreneurs.

Mr. Parag Shah son of Gulabchandbhai. D. Shah noted personality of Chamber of Commerce, Co-operative sector, SOMA and various social institutions, has nearly three-decade experience in construction and development of various residential apartments, commercial complex and Industrial Sheds. He was among the first ones in the city to uphold and develop the concept of urban weekend homes in the city suburbs.

"Vision Industrial Park" is an approved project under the flagship of Gujarat Government. It intends to back its mainstream industry that is dominantly the Brass cluster which nearly generates annual turnover of around 10 to 12,000 crores. This project of industrial park has been granted 25% subsidy on development cost that has made it possible for the promoters to plan and provide plots at affordable rates to the MSME industry and various other sectors. As the project is in close conjunction and partnership with the state government and relating agencies there are several benefits for the members that are anticipated to be supportive in boosting the local businesses and generating employment.

Jamnagar being very well known globally for its Brass Industry and anticipating its further bright prospects for growth and expansion, Mr. Parag Shah considered certain challenges faced by local industrialists pertaining to mandatory rent or lease spaces / plots available in GIDC area in Jamnagar and decided to address them by providing such an equipped and organized platform with contemporary state of art Infrastructure that can support the needs of this growing industry and other ancillary businesses in Saurashtra region. With this not only comes an opportunity to own the land of one's own business but also avail a geared up and conducive environment for socio-economic growth and commercial stability.

This project is also an eccentric reflection of the "MAKE IN INDIA" initiative of our honourable Prime Minister Shri Narendra Modi, as this establishment will collectively generate liberal employment opportunities for approx. 25000 skilled and unskilled workforces in our Saurashtra region who normally have to migrate in search of work in almost 6 out of 8 years due to unavailability of ample work opportunities.

To share a crisp brief about this project we would like to present below details highlighting the prominent features of this venture.

## VISION INDUSTRIAL PARK – ATTRACTIONS

**Location** - Village: Changa, 6.50 kms from City's GIDC.

- Drive to Jamnagar City -- 16 Kms
- Drive to Nearest Railway Station - 20 Kms (Jamnagar Station)
- Drive to Nearest Airport --- 16 Kms (Jamnagar Airport)
- Drive to Nearest Sea Port --- 28 kms (Bedi Port, Jamnagar)

**Size** - The Park is spread over 5,98,841 Sq Mtr., with over 400 Industrial plots of different sizes ranging from 363 Sq. Mtr. to 8,844 Sq. Mtr., so as to cater the requirements of MSME sector and various other industries like Brass manufacturing components, Metal Works, Auto Parts Ancillary and Tools Industries, Packaging and logistics Etc.

## KEY PROJECT AMENITIES -

- All CC Roads - 18 meter and 15 meter wide
- Electricity with 11 KV setup/ PGVCL
- LED Street Lights
- Water supply network:
- GSR up to 10 lakh litre
- ESR up to 5 lakh litre
- Storm water drain facility
- Water Storage for Fire Fighting system
- Underground Drainage system with STP – Sewage Treatment Plant
- Weigh Bridge facility
- 24/7 Security Help desk
- CCTV Camera security
- Whole Park Enclosed with Compound wall

## Supplementary Aids and Assistances -

- The first owners of the plots within the industrial park are declared eligible for 50% reimbursement on stamp duty paid by government of Gujarat as per Resolution No.GID-1 02015-893580(1)-GSachivalaya, Gandhinagar dated 21.4.2015.
- One-time maintenance deposit of Rs.15 per sq. feet for efficient and smooth maintenance of the park.
- Conference hall with video conferencing and Wi-Fi facility.
- Canteen / Dinning Hall
- Administration Building Block for overall management and maintenance of the Industrial Park.
- Linear Green belt
- Allocated Parking space for visitors and standby vehicle

It is the First of its kind industrial park in Jamnagar district and is the largest industrial park by area in the whole region of Kutch &Saurashtra. On 26th January 2020 we have launched the project in the presence of well-known dignitaries, industrialists and businessmen.

## આરાધનાધામ પાંજરાપોળમાં વિનામુલ્યે પશુરોગ નિદાન સારવાર - શસ્ત્રક્રિયાનો થયેલો કેમ્પ




પરમ પુજ્ય પં.શ્રી વજ્રસેન વિજયજી મ.સા.ની પ્રેરણા અને આશીર્વાદથી સ્વ. લલીતાબેન હંસરાજ દેવરાજ શાહ - કાકાભાઈ સીંહણ હાલ લંડનવાળાનાં આર્થિક સહયોગ તેમજ પશુપાલન ખાતું - ગાંધીનગર, જિલ્લા પંચાયત દેવભૂમિ દ્વારકાના ડોકટરોના તાંત્રિક સહયોગથી સતત ૨૫ મો કેમ્પ તા. ૧૫/૧/૨૦૨૦ નાં રોજ સારી રીતે સંપન્ન થયો.




કેમ્પનું દિપપ્રાગટ્ય દાતા પરીવાર વતી અજીતભાઈ કરણીયા તથા સંસ્થાના ટ્રસ્ટીઓએ કર્યું. પરમ પુજ્ય પં.શ્રી વજ્રસેન વિજયજી મ.સા. ના શિષ્ય પ.પૂ. મુનિરાજશ્રી જિનધર્મ વિજયજી મ.સા.એ માંગલિક સંભળાવેલ.

પ્રસંગને અનુરૂપ નાયબ પશુપાલન નિયામકશ્રી ડો. કિરીટભાઈ પટેલે કેમ્પ વિશે માહિતી આપેલ. આજના કેમ્પમાં ૨૫ પશુઓને દવા સારવાર, ૮ જેટલા ઓપરેશન, ૧૨ ગાયનેક નિદાન સારવાર, ૧૧૧૮ જેટલા ઘેટા - બકરાને ડિવર્મીન્ગ કરવામાં આવેલ. જિલ્લા પંચાયત દેવભૂમિ દ્વારકાનાં ડોકટર તથા ૪૫ જેટલો સ્ટાફ ઉપસ્થિત રહેલ અને માનદ સેવા આપી હતી.

દરેકને કેમ્પના દાતા પરિવાર દ્વારા ગીફટ અર્પણ કરી સન્માનિત કર્યાં હતા. શ્રી હાલારી વીશા ઓશવાળ સાર્વજનિક પાંજરાપોળના ટ્રસ્ટી રમણીકભાઈ પોપટલાલ તથા મનુભાઈ કેશવભાઈ ખાસ મુંબઈ થી ઉપસ્થિત રહેલ તેમજ જામનગરથી પ્રેમચંદભાઈ ખીમશીયા, રમેશભાઈ સાવલા આવેલ હતા.

સમગ્ર કેમ્પનું સંચાલન ટ્રસ્ટીશ્રી રાજેશભાઈ ખીમશીયાએ સુંદર રીતે કર્યું હતું.

**અહેવાલ :- સુધીર પંડયા**

## જામનગરની JVIMS એમબીએ કોલેજના વિદ્યાર્થીઓએ IIM અમદાવાદના કલ્ચરલ ફેસ્ટ 'ચાઓસ - ૨૦૨૦માં ઉત્સાહપૂર્વક ભાગ લીધો

તાજેતરમાં જ જામનગરની એમબીએ કોલેજના વિદ્યાર્થીઓએ અમદાવાદ દ્વારા આયોજીત કલ્ચરલ ફેસ્ટ ચાઓસ - ૨૦૧૯ની વિવિધ સ્પર્ધાઓ તથા વર્કશોપમાં ભાગ લીધો હતો.

વિદ્યાર્થીઓ માટે શ્રી સોમેન મિશ્રા - હેડ ઓફ ક્રિએટીવ ડેવલોપમેન્ટ (ધર્મા પ્રોડકસનસ), શ્રી સંજય રાજઔરા - સ્ટેન્ડ અપ આર્ટીસ્ટ તથા ભારત એક મોજનાં હોસ્ટ, શ્રી મલ્લીકા સારાભાઈ - પદ્મ ભૂષણ એવોર્ડ મેળવેલ તેમજ લેખક, ડાન્સર, કોરીઓગ્રાફર વગેરે ખ્યાતનામ શ્રોતાઓ સાથે સીધો સંવાદ યાદગાર રહ્યો હતો.

વિદ્યાર્થીઓએ પર્સનાલિટી ડેવલપમેન્ટ, કોર્પોરેટ કોમ્યુનિકેશન, સ્ટાર્ટઅપ ટુ વી.સી. જેવી વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો અને સાથે જ બોલીસ્વેગ, સ્પ્રે પેઈન્ટિંગ, હેપી અવર, મોનો એકિટંગ, સોલો ડાંસ, ટ્રેઝર હંટ જેવા વિવિધ વર્કશોપ અને હરીફાઈમાં ભાગ લીધો હતો.

આ સમગ્ર કાર્યક્રમના સફળ આયોજનનો શ્રેય કોલેજના ડાયરેકટરશ્રી પ્રો.(ડો) અજયશાહના માર્ગદર્શન હેઠળ કોલેજના આસી. પ્રોફે. ભવનિક ટોકરીયા તથા આસી. પ્રોફે. ચાંદની ગાંધીને જાય છે. વિદ્યાર્થીઓને આ કાર્યક્રમમાં સફળતાપૂર્વક ભાગ લેવા માટે તથા ફેકલ્ટીઓને સમગ્ર આયોજન માટે સંસ્થાના મેને. ટ્રસ્ટીશ્રી. રમણીકભાઈ શાહ. ટ્રસ્ટીશ્રી ભરતેશભાઈ શાહ, સેક્રેટરીશ્રી ચંદુભાઈ શાહ તથા સંસ્થાના સ્થાપકશ્રી બિપીનભાઈ વાઘર દ્વારા શુભેચ્છા સહ બિરદાવવામાં આવ્યા હતા.

**ડો. અજય ડી. શાહ**
**ડાયરેકટર**

# ૫૧ માં વાર્ષિક ઉત્સવની ઉજવણી



જામનગરમાં અંધજનો તથા અન્ય દિવ્યાંગોનાં ઉત્કર્ષ માટે કામ કરતા અંધજન વિવિધલક્ષી તાલીમ કેન્દ્રનાં ૫૧માં વાર્ષિકોત્સવ પ્રસંગે જી. જી. હોસ્પીટલનાં તબીબી અધિક્ષક ડો. નંદીની બહારી, પદમશી વિકમશી સંઘવી ટ્રસ્ટનાં ટ્રસ્ટી શ્રી ચંદ્રકાંતભાઈ વારીયા અને અન્ય અગ્રગણ્ય શહેરીજનોની ઉપસ્થિતિમાં યોજાયેલા એક સમારંભમાં સંસ્થાનાં નેત્રહિન, મંદબુધ્ધિ અને બધિરાંધ બાળકોએ એક સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કર્યો હતો. આ સાથે ગુજરાત રાજ્યમાં નેત્રહિન મહિલાઓનાં ઉત્કર્ષ માટે પ્રશંસનીય કામગીરી બજાવતા પદ્મશ્રી પ્રજ્ઞાચક્ષુ મહિલા સમાજ સેવિકા શ્રીમતિ મુક્તાબેન ડગલીને શાલ ઓઢાડી તેમનું અભિવાદન કરવામાં આવ્યું હતું. ગુજરાત રાજ્યમાં ધોરણ - ૧૦ અને ધોરણ - ૧૨માં રાજ્ય કક્ષાએ પ્રથમ અને દ્વિતિય સ્થાન મેળવનાર નેત્રહિન વિદ્યાર્થીઓને અનુક્રમે રૂા. ૫૦૦૦/- અને રૂા. ૩૦૦૦/- ના પુરસ્કાર અપર્ણ કરી ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | જીલ્લો | ટકાવારી | મેળવેલ સ્થાન | ઈનામની રકમ |
|---|---|---|---|---|---|
| | | | **ધોરણ - ૧૦ માર્ચ - ૨૦૧૯** | | |
| ૧. | પટેલ જલજ પિયુષકુમાર | પાટણ | ૮૩.૮૦% | પ્રથમ | ૫૦૦૦/- |
| ૨. | રામાનંદી કરનકુમાર કમલેશભાઈ | સુરત | ૭૭.૦૦% | દ્વિતિય | ૩૦૦૦/- |
| | | | **ધોરણ - ૧૨ માર્ચ - ૨૦૧૯** | | |
| ૧. | સોલંકી અમીષાબેન હર્ષદકુમાર | પાટણ | ૮૯.૦૦% | પ્રથમ | ૫૦૦૦/- |
| ૨. | શાહ સંયમ કમલેશભાઈ | સુરત | ૮૫.૨૦% | દ્વિતિય | ૨૦૦૦/- |

આ ઉપરાંત ગુજરાત રાજ્યનાં નેત્રહિનો માટે 'શ્રી જયરામ રામદયાલ મોહનીયાનાં સૌજન્યથી અખિલ ગુજરાત દ્વિતિય નેત્રહિન ચેસ ટુર્નામેન્ટ' જેમાં ગુજરાત રાજ્યનાં ૧૫ જીલ્લામાંથી ૮૦ નેત્રહિનો સહભાગી થયા હતા. સીનીયર અને જુનીયર વિભાગમાં યોજાયેલી આ ટુર્નામેન્ટમાં રસાકસી ભરી બે દિવસની રમતને અંતે નીચે દર્શાવ્યા પ્રમાણેના સ્પર્ધકો વિજેતા જાહેર થયા હતા.

### જુનિયર વિભાગ :-

| ક્રમ | સ્પર્ધકનું નામ | સ્થાન | રોકડ પુરસ્કાર |
|---|---|---|---|
| ૧ | વાઘેલા રાહુલ બચુભાઈ | પ્રથમ | રૂા. ૩૦૦૦/- |
| ૨ | પરમાર સની રમેશભાઈ | દ્વિતિય | રૂા. ૨૦૦૦/- |
| ૩ | બારૈયા અલ્પેશ શીવાભાઈ | તૃતિય | રૂા. ૧૦૦૦/- |

### સિનિયર વિભાગ :-

| ક્રમ | સ્પર્ધકનું નામ | સ્થાન | રોકડ પુરસ્કાર |
|---|---|---|---|
| ૧ | સોલંકી પ્રજ્ઞેશ રમેશભાઈ | પ્રથમ | રૂા. ૩૦૦૦/- |
| ૨ | શાહ સંયમ કમલેશભાઈ | દ્વિતિય | રૂા. ૨૦૦૦/- |
| ૩ | વણકર જીતેન્દ્રભાઈ જેઠાભાઈ | તૃતિય | રૂા. ૧૦૦૦/- |

અખિલ હિંદ અંધજન ધ્વજદિન - ૨૦૧૯ પ્રસંગે ગણનાપાત્ર સહયોગ આપનાર જામનગર અને દેવભૂમિ દ્વારકા જીલ્લાઓની કુલ ૧૪૮ શૈક્ષણિક સંસ્થાઓનું સેવાલક્ષી પ્રવૃતિઓ માટે બહુમાન કરવામાં આવ્યું હતું. જેમાની પ્રથમ ૧૦ શૈક્ષણિક સંસ્થાઓ આ પ્રમાણે છે.

| ક્રમ | સહયોગ આપનાર શૈક્ષણિક સંસ્થાનું નામ | રકમ |
|---|---|---|
| ૧ | સેન્ટ ઝેવીયર્સ હાઈસ્કૂલ - જામનગર | ૬૮૪૨૦/- |
| ૨ | દિલ્હી પબ્લીક સ્કૂલ - વસઈ, તા. જામનગર | ૫૧૦૦૦/- |
| ૩ | ન્યુ એડવેન્ટ એકેડેમી ઈંગ્લીશ હાઈસ્કૂલ - નાઘેડી, તા: જામનગર | ૩૬૪૧૮/- |
| ૪ | સેન્ટ ગ્રેગોરીયર્સ સેકન્ડરી હાઈસ્કૂલ - જામનગર | ૨૦૪૫૦/- |
| ૫ | સેન્ટ આન્સ હાઈસ્કૂલ - જામનગર | ૧૫૦૦૦/- |
| ૬ | એલ. જી. હરિઆ સ્કૂલ - જામનગર | ૧૪૪૦૭/- |
| ૭ | મીઠાપુર નૂતન બાલ શિક્ષણ સંઘ - મીઠાપુર | ૧૨૦૦૦/- |
| ૮ | પી. વી. એમ. ગર્લ્સ હાઈસ્કૂલ - દ્વારકા | ૧૧૪૩૦/- |
| ૯ | એરફોર્સ સ્કૂલ - જામનગર | ૧૦૧૦૦/- |
| ૧૦ | બી. એમ. પટેલ માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળા - વાંકિયા, તા. ધ્રોલ | ૧૦૦૦૦/- |

continue on page 26

continue from page 25

સંસ્થાનાં ઉપ પ્રમુખ શ્રી બિમલભાઈ મહેતાએ તેમના પિતાશ્રી સ્વર્ગસ્થ અભેચંદ પોપટલાલ મહેતાની સ્મૃતિમાં 'ટેકનોલોજી મ્યુઝીયમ ફોર ધ બ્લાઈન્ડ' માટે રૂપિયા દશ લાખની સખાવત જાહેર કરી હતી. જયારે શ્રી અશોક રાયચંદ શાહ દ્વારા મેઘરાજ ચેરીટેબલ ફાઉન્ડેશન, યુ.કે. તરફથી ડેફ બ્લાઈન્ડ યુનિટ માટે પાંચ વર્ષ સુધી દર વર્ષે રૂા. ૧,૫૦,૦૦૦/- નાં દાનની જાહેરાત કરી હતી.
સંસ્થાના પ્રમુખશ્રી ચંદુલાલ આર. શાહે મહેમાનોનું સ્વાગત કરતા સર્વે દાતાઓ તરફ સહકાર બદલ આભારની લાગણી વ્યકત કરી હતી. જયારે માનદ મંત્રી ડો. પ્રકાશ મંકોડીએ વિતેલા ૫૧ વર્ષમાં ૧૭૦૦ નેત્રહિનો શિક્ષણ અને તાલીમ મેળવીને સમાજનાં જુદા જુદા ક્ષેત્રોમાં ગોઠવાયા હોવાનું જણાવી આઈ.ટી.આઈ. કમ્પ્યુટર કોર્ષ ફોર બ્લાઈન્ડનો ગત વર્ષે શુભઆરંભ થયાની જાણકારી આપી હતી.
જી. જી. હોસ્પીટલના તબીબી અધિક્ષક ડો. નંદિની બહારીએ સંસ્થાની કલ્યાણકારી પ્રવૃતિઓની પ્રશંસા કરી જી. જી. હોસ્પીટલમાં ખાદ્ય પદાર્થોના સુચિત પાંચ સ્ટોલમાં નેત્રહિનોને રોજગારી માટે તક આપવાની જાહેરાત કરી હતી.
આ ઉપરાંત શ્રી ચંદ્રકાંતભાઈ વારીયા, સંસ્થાના ટ્રસ્ટીશ્રીઓ શ્રી મનીષભાઈ મારૂ, શ્રી હર્ષવદન ગોસરાણી તેમજ શ્રી જયરામભાઈ મોહનીયાએ પ્રાસંગિક અભિવ્યકિત કરી હતી. જયારે ઉપપ્રમુખ શ્રી બિમલ મહેતાએ આભાર દર્શન કર્યુ હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા સંસ્થાના સર્વે કર્મચારીઓએ ખુબજ પરિશ્રમ ઉઠાવ્યો હતો.

# Jazbaa II 2020





Jazbaa II 2020 an activity week of Shri GHG Com. &DDN BBA college and Shri CZMG BCA College, took off amidst a flutter of balloons and groovy moves by the students on 6th Jan 2020.The event was declared open by Shri Bhartesh Shah, Trustee OET and Shri Bipin Bhai Jhaveri College Committee member. The opening ceremony was graced by the Campus Director & Principal B.Com BBA College Mrs. Snehal Kotak Palan and Dr Ajay Shah Director JVIMS, Mrs. Hetal Savla Principal BCA College and Mrs. Sandra Moss Vice Principal B. Com & BBA College.

There were 19 competitions, of which there were 9 Talent Scan activities organized by the 11 clubs of the college from 6th Jan to 11th Jan 2020.



The Office bearers of the college did a commendable job of organizing the opening ceremony of Jazbaa II 2020 and also encouraged other students to participate in the several competitions.



શુભેચ્છા સહ
કે. બી. શીપીંગ એન્ડ કાં
મરીન ફલીટ ઓનર
બારદાનવાલા રોડ, ગ્રેઈન માર્કેટ
જામનગર
ફોનઃ- ઓ.૨૫૫૬૭૨૫/ ૨૬૭૯૬૨૭
મો.:૦૯૮૨૫૨૧૦૭૫૫
ફેક્સઃ- (૦૨૮૮) ૨૫૫૬૭૨૫
ઈ-મેઈલઃ vijay_sanghavi@yahoo.co.in

# ઓશવાળ સ્કૂલનો વાર્ષિક સાંસ્કૃતિક કાર્યક્રમ



ઓશવાળ શિક્ષણ અને રાહત સંઘ સંચાલિત ૪૫ દિગ્વિજય પ્લોટ ખાતે આવેલ જામનગરની નામાંકીત ઓશવાળ બાલમંદિર અને પ્રાથમિક શાળાનો વાર્ષિક સાંસ્કૃતિક કાર્યક્રમ તારીખ ૩૦ ડીસેમ્બર ૨૦૧૯ ના રોજ ઓશવાળ સેન્ટર ખાતે યોજવામાં આવેલ.

આ કાર્યક્રમ ઓશવાળ બાલમંદિર અને પ્રાથમિક શાળાનાં કન્વિનરશ્રી મનિષ કિશોરભાઈ પારેખના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવેલ. મુખ્ય મહેમાન તરીકે ઓશવાળ શિક્ષણ અને રાહત સંઘના માનનિય મેનેજીંગ ટ્રસ્ટીશ્રી પ્રવિણ લીલાધર હરીયા તેમજ શ્રી મંજુલાબેન ભરતભાઈ ગોસરાણી (દાતા પરીવાર) અતિથી વિશેષ તરીકે ઉપસ્થિત રહેલ.

આ તકે ઓશવાળ શિક્ષણ અને રાહત સંઘના ટ્રસ્ટીશ્રી શ્રી શાંતિલાલ સાવલા, રમણીકભાઈ ચંદરીયા, સંઘના ઉપપ્રમુખશ્રી સુભાષભાઈ ગડા, સંયોજકશ્રી ભરતભાઈ દોઢિયા, માનદમંત્રીશ્રી જીવરાજભાઈ નગરીયા, ખજાનચીશ્રી સુરેશભાઈ નગરીયા, દાતા પરીવારના શ્રી પરાગભાઈ ગોસરાણી, કારોબારી સમિતીના શ્રી શીરીષભાઈ સાવલા, શ્રી અમુભાઈ ચંદરીયા, શ્રી ગીરીશભાઈ હરીયા, સંઘની વિવિધ સમિતીઓના, શ્રી હીરેનભાઈ ગુઢકા, શ્રી નીશીબેન શાહ, શ્રી કમલભાઈ ગોસરાણી, શ્રી જીજ્ઞેશભાઈ છેડા, શાળા સંચાલન સમિતીના શ્રી વિમલભાઈ સુમરીયા, શ્રી જીતેનભાઈ દોઢિયા, શ્રી જયભાઈ મારૂ, શ્રી ભાવીનભાઈ શાહ, શ્રી પંકજભાઈ માલદે, સંઘના ભૂતપૂર્વ પ્રમુખ તેમજ ટ્રસ્ટીશ્રી દેવચંદભાઈ શાહ, હાલારી વિશા ઓશવાળ સમાજના પ્રમુખશ્રી હર્ષવદનભાઈ ગોસરાણી ઉપસ્થિત રહેલ.

આ કાર્યક્રમમાં ભારતિય સંસ્કૃતિ, દેશભકિત, લોકનૃત્ય, જેવી થીમ ઉપર બાલમંદિર વિભાગ, ધોરણ ૧ થી ૧૨ ના બાળકોએ કુલ ૧૫ અલગ અલગ પ્રકારના પ્રોગ્રામ રજુ કરેલ.

આ સમગ્ર કાર્યક્રમનુ યુટયુબ (https://youtu.be/oGVkMJ8Ym0k) ઉપર જીવંત પ્રસારણ કરવામાં આવેલ. કાર્યક્રમ ને સફળ બનાવવા માટે શાળાના આચાર્ય શ્રી રાગીણીબેન પાટલીયા, શ્રી ચાંદનીબેન દોશી, બન્ને માધ્યમના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓએ જહેમત ઉઠાવેલ. એન્કરીંગ તરીકે શાળાના શિક્ષક શ્રી રવિ દાઉદીયા તેમજ શ્રી ધારીત્રી સોલંકી એ સેવા આપેલ.

શાળાના ગુજરાતી માધ્યમના પ્રિન્સીપાલ રાગીણીબેન પાટલીયા એ શાળાને શિક્ષણ ક્ષેત્રે ૩૧ વર્ષની બહુમુલ્ય સેવા આપેલ તે બદલ તેમનુ શાલ ઓઢાડી સન્માન કરવામાં કરવામાં આવેલ.

કાર્યક્રમમા ભાગ લેનાર વિદ્યાર્થીઓના કોસ્ચ્યુમથી લઈ અલ્પાહાર સુધીનો તમામ ખર્ચ સંસ્થા દ્વારા કરવામાં આવેલ. કાર્યક્રમનુ સંચાલન શ્રી વિમલભાઈ નેમચંદ સુમરીયા અને શ્રી જયભાઈ મારૂ દ્વારા કરવામાં આવેલ.

# મોરબી ચેમ્બર ઓફ કોમર્સનાં સેક્રેટરીપદે હેમલ દોઢિયાની નિમણુંક



જામનગર જિલ્લાના ખીરસરા ગામનાં મૂળ વતની અને હાલ મોરબી સ્થિત શ્રી હેમલભાઈ ભગવાનભાઈ દોઢિયાની મોરબી ચેમ્બર ઓફ કોમર્સના સેક્રેટરી પદે નિમણુંક થયેલ છે. મોરબી ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ ૧૨૦૦ થી વધુ મોટા ઉદ્યોગો અને વીસ હજાર નાના ઉદ્યોગો ધરાવતા શહેરનું પ્રતિનિધિત્વ ધરાવતી સંસ્થાના સેક્રેટરી તરીકે નીમણુંક થવી તે સમગ્ર ઓશવાળ સમાજ માટે ગૌરવની વાત છે. જે માટે તેમને સમાજ અભિનંદન પાઠવી ભવિષ્યમાં પ્રગતીના શીખરો સર કરે તેવી અભ્યર્થના કરે છે.

# KBS MCA કોલેજનાં આસી. પ્રોફ. સન્ની ભાડલાવાલા પી.એચ.ડી. થયા



ઓશવાળ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત KBS MCA કોલેજનાં આસી. પ્રોફ. સન્ની હરેન્દ્રભાઈ ભાડલાવાલા એ "Computer Science & Engineering" વિષયમાં Ph.D.ની ડીગ્રી રવિન્દ્રનાથ ટાગોર યુનિવર્સિટીમાંથી પ્રોફ.(ડો.) શિવ શક્તિ શ્રી વાસ્તવનાં માર્ગ દર્શન હેઠળ મેળવી તેઓએ KBS MCA કોલેજનું નામ રોશન કર્યુ છે. તેઓની આ ઝળહળતી સિધ્ધિ બદલ ઓશવાળ એજ્યુકેશન ટ્રસ્ટનાં સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટીશ્રી રમણીકભાઈ કે.શાહ. સેક્રેટરીશ્રી ચંદુલાલ શાહ, ટ્રસ્ટીશ્રી ભરતેશભાઈ શાહ, કોલેજના કેમ્પસ ડાયરેકટર શ્રીમતિ સ્નેહલ કોટક પલાણ, ડાયરેકટર પ્રોફ.ડૉ.અજય ડી. શાહ તથા સમગ્ર ઓશવાળ એજ્યુકેશન ટ્રસ્ટ પરિવાર વતી હાર્દિક અભિનંદન પાઠવેલ છે.

### ઓશવાળ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત

# ગોસરાણી કોલેજ દ્વારા સાત દિવસીય એન.એસ.એસ. કેમ્પનું ચાંપાબેરાજા ખાતે ઉદ્ઘાટન



ઓશવાળ એજયુકશન ટ્રસ્ટ સંચાલિત શ્રી.જી.એચ. ગોસરાણી કોમર્સ કોલેજ એન્ડ શ્રી ડી.ડી.નાગડા બીબીએ કોલેજના એન.એસ.એસ. યુનિટ દ્વારા સાત દિવસીય કેમ્પનું ચાંપાબેરાજા ગામ ખાતે આયોજન કરવામાં આવ્યું છે.તા.૨૭/૦૧/૨૦૨૦ ના શરૂ થયેલ આ કેમ્પ દરમ્યાન વિવિધ કાર્યક્રમો આયોજિત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત ગામની શાળાના વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે વિવિધ વિષયો પર સેમિનાર, સ્વચ્છતા અને પર્યાવરણ વિષયક જાગૃતિ રેલી , બાળકોના બુધ્ધિચાતુર્ય અને શારીરિક કૌશલ્ય વધારતી ગેમ્સ, આઈ ચેકઅપ કેમ્પ, કેટલ કેમ્પ, ડસ્ટબિન વિતરણ, કોમ્પ્યુટર ટ્રેનિંગ, યોગા, કરાટે ટ્રેનિંગ કેમ્પ અને ગ્રામ સફાઈ જેવા વૈવિધ્ય સભર કાર્યક્રમોની હારમાળા યોજનાર છે. કેમ્પનું ઉદ્ઘાટન તા.૨૭ ના ગામના સરપંચ અને અગ્રણીઓની હાજરીમાં કરવામાં આવ્યું.

આ સમગ્ર આયોજન ને સફળ બનાવવા એ.એસ.એસ. ટીમના અધ્યક્ષ પ્રો.અક્ષા ખત્રી અને તેમની ટીમે જહેમત ઉઠાવી હતી. આ ઉદ્ઘાટન પ્રસંગે કેમ્પસ કાયરેકટર શ્રીમતી સ્નેહલ કોટક પલાણે ટીમને શુભ કામના પાઠવી હતી.

TOTAL HOSPITALITY INC.

*something for everyone*

0288 2660004 | 5 | 6 93288 88011

G-09, Madhav Plaza, Nr. Lal Bungalow, Opp. SBI, Jamnagar-361 001 (Gujarat).
www.totalhp.in e-mail : jamtravelport@gmail.com

**OUR SERVICES**

- Passport, Visa Assistance & Forex
- Air Ticketing (Dom. & Int.)
- Railway Booking (GOVT. Authorised)
- Worldwide Hotel Booking
- Sports Travel
- MICE Tourism
- Cruise Packages
- Domestic & International Packages
- Group Departures
- Religious Tour
- Vehicles on Rent


DOMESTIC PACKAGES


INTERNATIONAL PACKAGES


CAR RENTALS


SPORTS TRAVEL


AIR BOOKING


RAIL BOOKING

Franchisee of TRAVELPORT
HO.: MUMBAI - 400 053

HEMALI SHAH : +91 98793 00006
PARAS SHAH : +91 96384 44333
CHETAN SHETH: +91 98242 44188

IATA TAFI

# પ્રોત્સાહક પ્રવૃતિ ઈનામ વિતરણ



હાલાર કેશરી પ્રાચીન સાહિત્યોદ્ધારક પરમ પુજય આચાર્યદેવ શ્રીમદ વિજયજિનેન્દ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબનાં આશીર્વાદ અને પ્રેરણાથી નિર્માણ પામેલ શ્રી જૈન કન્યા વિદ્યાલયમાં (બાલમંદિર થી ધોરણ ૧૨),૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગરમાં તાજેતરમાં પ્રોત્સાહક પ્રવૃતિનાં દાતા કચરા વૃજપાલ શાહ, પ્રેમચંદ વૃજપાલ શાહ, જૂઠાલાલ વૃજપાલ શાહ (પડાણાવાળા) તરફથી શાળામાં વિવિધ પ્રવૃતિઓમાં કાર્ય કરતી વિદ્યાર્થીનીઓ, મહત્તમ હાજરી ધરાવતી વિદ્યાર્થીઓને શિયાળાની મોસમને અનુલક્ષીને ખજુર તથા બાલમંદિરથી ધોરણ ૧૨માં શિયાળું રમતોત્સવની વિવિધ સ્પર્ધાઓમાં નંબર મેળવેલ બાળાઓને પણ ખજુર અને શાળા તરફથી સર્ટીફીકેટ દાતા પરિવારનાં શ્રીમતી જયશ્રીબેન સુધીરભાઈ ગોસરાણી તથા જયોતિબેન દોશીનાં વરદ હસ્તે વિતરણ કરવામાં આવેલ હતું.



આ વિતરણ કાર્યક્રમમાં શાળાનાં કમિટિ મેમ્બર નીલમબેન શાહ, સૂર્યાબેન શાહ, કલાબેન શાહ, આચાર્યા હીનાબેન હરિયા હાજર રહેલ. ખાસ વિનંતીને માન આપી પરમપૂજય સાધ્વીજી મહારાજ સાહેબ સ્વયંમપ્રભાશ્રીજી આદિથાણા સાથે પધારેલ અને સરસ મજાનું નવકારનું મહત્ત્વ સમજાવતું વ્યાખ્યાન આપેલ. કાર્યક્રમને સફળ બનાવવા શૈક્ષણિક સ્ટાફે જહેમત ઉઠાવેલ.

# ચાંપાબેરાજા પ્રાથમિક શાળા ખાતે પ્રજાસતાક દિવસની ભવ્ય ઉજવણી



૭૧માં પ્રજાસતાક પર્વની ઉજવણી સી.આર.સી લાખાબાવળની શાળાઓમાં ખૂબ જ ઉત્સાહપૂર્વક કરવામાં આવી. દીકરીને નામ દેશને સલામ અંતર્ગત ૭૧માં પ્રજાસતાક દિવસની ઉજવણી અંતર્ગત આ વખતે લાખાબાવળ સી.આર.સી. કો-ઓર્ડીનેટર હેતલબેન નિમાવત ચાંપાબેરાજા પ્રાથમિક શાળા ખાતે પ્રજાસતાક દિવસની ભવ્ય ઉજવણી કરેલ. આ સાથે આ શાળાના વિદ્યાર્થીઓએ ખુબ જ સરસ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા હતા. અને પ્રથમ નંબર આવનાર બાળકોને ઈનામ આપી પ્રોત્સાહિત કરેલા હતા. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ન્યુરોસર્જન ન્યુ ગોકુલ હોસ્પિટલ જામનગર ના ડો. જીગરસિંહ જાડેજા, આર ટી જાડેજા, સરદારસિંહ જાડેજા, આર.કે. શાહ, પ્રજ્ઞાબેન લીંબડ, હેતલબેન નિમાવત, મહિપતસિંહ જાડેજા, ડો. કે.ડી. માંડવીયા, ડો. નરેશ ડોડીયા, સોનીલભાઈ શાહ વગેરે ઉપસ્થિત રહ્યા હતા અને આ કાર્યક્રમને સફળ બનાવવા શાળાના શિક્ષકો તથા આચાર્યશ્રીએ ખૂબ જ જહેમત ઉઠાવી હતી.

# જામનગર શહેરની MCA કોલેજની મસમોટી સફળતા

તાજેતરમાં GTU દ્વારા જાહેર થયેલા MCA સેમેસ્ટર ૩ ના પરિણામમાં KBS MCA કોલેજ જામનગરની વિદ્યાર્થીની કુ. વિનિતા છીકારાએ યુનિવર્સિટી ટોપ ટેન રેન્કર્સમાં સ્થાન મેળવ્યું છે.

યુનિવર્સિટી હેઠળ આવતી ગુજરાતની ૩૪ MCA કોલેજો તથા આશરે ૧૨૫૦ વિદ્યાર્થીઓ માંથી તેણીએ ૯.૩૫ CPI સાથે સમગ્ર માં GTU છઠ્ઠુ સ્થાન પ્રાપ્ત કર્યું છે. જે વિદ્યાર્થીની અને કોલેજ બંને માટે એક અનન્ય સિદ્ધિ છે.

આ સાતત્યપૂર્ણ પરિણામનો શ્રેય કોલેજના વિષય નિષ્ણાંત ફેકલ્ટી તથા ડાયરેકટર શ્રી પ્રો. (ડો) અજય શાહ તથા ડીપાર્ટમેન્ટના HOD ડો. સન્ની ભાડલાવાલા દ્વારા વિદ્યાર્થીઓને આપવામાં આવતા સતત માર્ગદર્શનને જાય છે. કોલેજની આ અભુતપુર્વ સિદ્ધિને મેને. ટ્રસ્ટીશ્રી. રમણીકભાઈ શાહ. સેક્રેટરી શ્રી ચંદુભાઈ શાહ તથા ટ્રસ્ટી શ્રી ભરતેશભાઈ શાહ તથા KBS MCA કોલેજના દાતાશ્રી કેશવજી ભારમલ સુમરીયા પરિવાર દ્વારા શુભેચ્છા સહ બિરદાવવામાં આવી હતી.

## ઓશવાળ ઇંગ્લીશ એકેડેમી દ્વારા " સિંગીંગ સ્પર્ધા " નું આયોજન



ઓશવાળ શિક્ષણ અને રાહત સંઘ સંચાલિત નર્સરી થી ધોરણ ૮ સુધી ચાલતી અંગ્રેજી માધ્યમની શાળા ઓશવાળ ઈંગ્લીશ એકેડેમી દ્વારા સિંગીંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં વિદ્યાર્થી દ્વારા ' નેશનલ થીમ' ઉપર કવિતા અથવા ગીતનું ગાયન કરી ઉત્સાહ ભેર ભાગ લેવામાં આવેલ હતું. સ્પર્ધાના નિર્ણાયક તરીકે કુશલભાઈ ઠાકર, જયદિપભાઈ મહેતા અને હસમુખભાઈ કુંભારાણાએ ભૂમિકા ભજવી હતી. કાર્યક્રમનું સંચાલન નિકિતાબેન હાથી દ્વારા કરવામાં આવ્યું હતું.

## જે.વી.આઈ.એમ.એસ. MBA કોલેજને જીટીયુ તરફથી ૫ મો ગોલ્ડ મેડલ એનાયત

જામનગરની જે.વી.આઈ.એમ.એસ. MBA કોલેજ કે જે વિદ્યાર્થીઓના સાતત્યપૂર્ણ પરિણામનો પર્યાય છે. તાજેતરમાં GTU દ્વારા જાહેર થયેલા એમબીએ ના પરિણામમાં જે.વી.આઈ.એમ.એસ. MBA કોલેજ ના વિદ્યાર્થીઓ ઝળકયા હતા. કોલેજની વિદ્યાર્થીની કુ. શિવાની એ. રાજાણીને Finance Specialization બ્રાન્ચમાં 9.32 CPI સાથે સમગ્ર GTU માં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. જીટીયુ તરફથી તેને ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવ્યું હતું.

HR Specialization વિષયમાં ગોલ્ડ મેડલમાં ત્રણ વર્ષ સુધી સળંગ ગોલ્ડ મેડલ મેળવી કોલેજ દ્વારા ગોલ્ડમેડલની હેટ્રીક કરવામાં આવેલ. આ ઉપરાંત Marketing Specialization, Finance Specialization અને HR Specialization આમ બધા વિષયોમાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરી વધુ એક સફળતાનું પીછું ઉમેરેલ છે. કુ. શ્રેતા સિંધ. કુ. અંકિતા સિંધ, કુ. ખીલના વોરા, કુ. અવની લાલવાણી તથા કુ. શિવાની રાજાણી - આમ, ૫ વિદ્યાર્થીઓ દ્વારા ગોલ્ડ મેળવી JVIMS કોલેજનું નામ રોશન કરેલ છે.

આ સાતત્યપૂર્ણ પરિણામનો શ્રેય કોલેજના વિષય નિષ્ણાંત ફેકલ્ટી તેમજ ડાયરેકટરશ્રી પ્રો.(ડો) અજય શાહના વિદ્યાર્થીઓના સતત માર્ગદર્શન ને જાય છે. કોલેજની આ અભુતપુર્વ સિદ્ધિને સંસ્થાના મેને. ટ્રસ્ટીશ્રી. રમણીકભાઈ શાહ. પાયાના સંસ્થાપકશ્રી બિપીનભાઈ વાધર,સેક્રેટરીશ્રી ચંદુભાઈ શાહ, ટ્રસ્ટીશ્રી ભરતેશભાઈ શાહ તથા કમિટી મેમ્બરશ્રી સોનિલભાઈ શાહ તથા કોલેજના કેમ્પસ ડાયરેકટર શ્રીમતિ સ્નેહલ કોટક પલાણ, દ્વારા શુભેચ્છા સહ બિરદાવવામાં આવી હતી.

**ડો. અજય ડી. શાહ**
**ડાયરેકટર**

## ટ્રાફીક માર્ગદર્શન સેમીનાર - જૈન કન્યા વિદ્યાલય



હાલાર કેસરી પ્રાચીન સાહિત્યોધારક પરમ પૂજય આચાર્યદેવ શ્રીમદ્ વિજયજિનેન્દ્રસૂરિશ્વરજી મહારાજ સાહેબનાં આશીર્વાદ અને પ્રેરણાથી નિર્માણ પામેલ શ્રી જૈન કન્યા વિદ્યાલય, જામનગર (બાલમંદિર થી ધોરણ ૧૨) માં આજ રોજ તારીખ ૩૧/૧૨/૨૦૧૯ નાં ધોરણ ૯-૧૧ ની વિદ્યાર્થીનીઓમાં ટ્રાફીકનાં નિયમોની જાણકારી તથા માર્ગદર્શન માટે ટ્રાફીક શાખા તથા આર.ટી.ઓ. શાખાની ટીમ જેમાં આર. ટી. ઓ. અધિકારી વનરાજભાઈ વેગડા, પુનિતભાઈ બાંભણીયા અને તેની ટીમ સાથે ટ્રાફીક શાખા તરફથી આપણા લાડિલા કાનજીભાઈ પટેલ હાજર રહી અને બાળાઓને ટ્રાફીકનાં અનેક નિયમોનું ઉદાહરણ સાથે માર્ગદર્શન આપવામાં આવેલ. આ માટે શાળા પરિવાર બન્ને શાખાઓનો અને તેમની ટીમનું આભાર વ્યકત કરે છે. ફરી પણ શાળામાં આવા અવેરનેસ કેમ્પ યોજવા માટે આશા રાખે છે. આ કેમ્પમાં શાળાના ટ્રસ્ટીશ્રી હિમતભાઈ શાહ તથા શાળાનાં આચાર્યા હિનાબહેન હરિયા અને શિક્ષિકા બહેનો હાજર રહ્યાં હતાં.

## સાતમી પુણ્યતિથીએ ભાવપૂર્ણ શ્રદ્ધાંજલી



જન્મ:
૨૨-૧૨-૧૯૩૬

અરિહંત શરણ:
૧૭-૦૧-૨૦૧૩

# પૂજય ચુનીલાલ પોપટલાલ ગુટકા

**સ્વ: પદ્માબેન પોપટ રાજા ગુટકાના સુપુત્ર**

**ચંદનસુ જીવન જીવીને સહુને સુખ દઈ ગયા, ખુદ ઘસાઈ અમકાજે સૌરભ થઈ પ્રસરી ગયા,**
**જીવન એવું જીવી ગયા કે કદી ભુલાય નહીં, વિદાય એવી લીધી કે કદી વિસરાય નહીં,**
**રહો સદા જીવંત આપ પ્રભુને શરણે.**
**અત્યંત વ્હાલા એવા તમારા સમસ્ત પરિવારના તમને કોટિ કોટિ વંદન.**

**પત્ની:** રંજનબેન ચુનીલાલ ગુટકા

**પુત્ર-પુત્રવધુ:** હિતેશ - કુમુદ હિતેશ ગુટકા

**પૌત્ર-પૌત્રવધુ:** નીલ - કોમલ નીલ ગુટકા

**પૌત્રી-જમાઈ:** ડો. માનસી - એડવોકેટ હર્ષ પંકજ જાખરીયા

**પૌત્રી:** જયની હિતેશ ગુટકા

**પુત્રી-જમાઈ:** કલ્પના - કૈલાશ દેવચંદ શાહ, માનસી - ભાવીન કૈલાશ શાહ અને શૈલ કૈલાશ શાહ
બીજલ - અરૂણ નેમચંદ ગડા, હર્ષિન અરૂણ ગડા
બિંદુ - ડો. ચેતન રમણીકલાલ હરીયા, ફિયોના ચેતન હરીયા અને હર્ષેલ ચેતન હરીયા

**ભાઈ:** સ્વ. કેશવજી પોપટલાલ ગુટકા, સ્વ. પ્રેમચંદ મેઘજી ગુટકા

**બહેનો:** સ્વ. કંકુબેન લાલજી નગરીયા, ગંગાબેન નથુ શાહ, વિજયાબેન મગનલાલ દોઢિયા અને ડો. ચંપા વેલજી બીદ

**સાળા:** લક્ષ્મીચંદ મેઘજી શાહ - મંજુલાબેન, રજનીકાંત મેઘજી શાહ - સરોજબેન અને સુરેશ મેઘજી શાહ - રમીલાબેન

**સાળી:** શાંતાબેન મગનલાલ ચંદરીયા અને જયાબેન શાંતિલાલ ખીમસીઆ

**પોપટ રાજા એન્ડ સન્સ તથા ગુટકા ગ્રુપ ઓફ કંપનીઝનો સ્ટાફ** (www.gutkafoodexports.com)
SINCE 1981
■ WORLDWIDE EXPORTER OF *Lijjat* PAPAD ■ હન્ત હોટેલ્સ પ્રા. લી.
■ હર્ન ફૂડ સ્પેશિયાલિટીઝ એલએલપી - નાશ્તાના ઉત્પાદક
■ જેનટ્રસ્ટ કન્સ્યુમર ડયુરેબલ પ્રા. લી. (સ્પિયરહોટ ઈન્સ્ટન્ટ ગીઝર્સ) (spherehot.com)

# Shri G. H. G. Commerce & Shri D.D.N. B.B.A.College

## Talent Studio

**General Aptitude Test**

'Talent Studio', a club headed by Mrs. Khushboo Malde , Ms Munira Pathari and Ms. Dipal Haria organized two events during Jazbaa II 2020, a General Aptitude test and Business Bazigar.

The General Aptitude test which was in a series of an online test , a group discussion and a Personal Interview on 8th and 10th Jan 2020.

The winners of the competition were:

| | | |
|---|---|---|
| First | Hetal Badiyani | B.Com Sem 6 A |
| Second | Arwa Makati | B.Com Sem 2 B |
| Third | Hasti Barai | Bba Sem 6 A |
| Fourth | Vanshika Bhojwani | Bba Sem 4 |
| Fifth | Bhavin Ambaria | Bba Sem 6 B |

**Business Bazigar**

Business Bazigar is a competition where the students had to sell their ware and earn profits, the group that earned the maximum profit was declared the winner.

The groups that won the competition were:

| | | |
|---|---|---|
| **First (Food Stalls)** | Mitesh Kataria | Bba Sem 6 |
| | Disha Kanabar | Bba Sem 6 |
| | Vatsal Thakrar | Bba Sem 6 |
| | Dhwani Khandhar | Bba Sem 6 |
| | Yash Chotai | Bba Sem 2 |
| **Second** | Nand Karia | Bcom Sem 4 |
| | Bhavya Chandra | Bcom Sem 4 |
| | Harsh Parmar | Bba Sem 4 |
| | Malhar Chauhan | Bba Sem 4 |
| | Vaibhav Chandra | Bba Sem 2 |
| **Third** | Rutvi Shah | Bcom Sem 4 |
| | Isha Thakkar | Bcom Sem 4 |
| | Pooja Zala | Bcom Sem 4 |
| **First (Game Stall)** | Akhil Haria | Bcom Sem 6 |
| | Harsh Dodhia | Bcom Sem 6 |
| | Kashyap Thakar | Bcom Sem 6 |
| | Ravi Savla | Bcom Sem 6 |
| | Malav Savla | Bcom Sem 6 |
| **Second** | Dhanya Shah | Bcom Sem 2 |
| | Milin Dodhia | Bcom Sem 6 |
| | Aditya Shah | Bcom Sem 2 |
| | Bhavik Maru | Bba Sem 2 |
| | Bhavya Gosrani | Bcom Sem 6 |
| **Third** | Manali Shah | Cs Executive |
| | Grishma Mehta | Bcom Sem 6 |
| | Angel Haria | Bcom Sem 6 |
| | Hiranshi Mehta | Bcom Sem 6 |







## Shri G. H. G. Commerce & Shri D.D.N. B.B.A.College

### Arts & Cultural Club

The Arts and cultural Club of our college organized a solo dance competition during Jazbaa II 2020, on the 11th Jan 2020.Fifteen students participated in the competition. The judges were our Alumni Mr. Parag Gosrani, Mrs. Shweta Sumaria and Mrs. Anisha Gosrani.
The winners of the solo dance competition were:



1st- Mehta Harshil
BBA Sem II



2nd-Zala Jayshreeben
B.Com Sem VI



3rd-Bhansali Saumya
B.Com Sem VI



4th-Pariya Nitesh
BBA Sem IV



5th – Maheta Bhumi
BBA Sem II

## બ્રિટનની મહારાણી દ્વારા નવા વર્ષે બે જૈનો નું સન્માન

ઈન્સ્ટિટયુટ ઓફ જૈનોલોજી જણાવે છે કે ૨૦૨૦ના નવા વર્ષનાં પ્રારંભે બ્રિટનનાં મહારાણી દ્વારા બે જૈન મહાનુભાવોને એવોર્ડ એનાયત કરવામાં આવ્યા છે. એમા એક છે શ્રી કાંતિભાઈ નાગડા.

સામાજિક કાર્યકર શ્રી કાંતિભાઈ નાગડાએ હેરો કાઉન્સિલમાં પોતાના સામાજિક કાર્યનો પ્રારંભ કર્યો. ૧૯૭૨માં યુગાન્ડાથી લંડન આવ્યા હતા. ત્યારે એમની પાસે ખીસ્સામાં માત્ર પચાસ પાઉન્ડ હતા. પરંતુ જે કંપનીમાં તે જોડાયા ત્યાંથી એમણે ચેરીટીની શરૂઆત કરી. ૧૯૮૨માં એમણે સ્થાપેલા "સંગત સેન્ટર" નું ઉદઘાટન રોયલ હાઈનેસના હસ્તે થયું હતું. આ સેન્ટર કાયદાકીય માર્ગદર્શન, કલ્યાણલક્ષી પ્રવૃતિઓ, ઈમિગ્રેશનમાં રજુઆત અને વ્યવસાય બેનિફીટસ ટ્રિબ્યુનલ દ્વારા રાષ્ટ્ર કે રંગના કોઈ ભેદભાવ વિના પ્રતિવર્ષ ૨૦૦૦ લોકોને મદદ કરે છે. શ્રી કાંતિભાઈ નાગડાને એમ.બી.ઈ. (મોસ્ટ એકસેલન્ટ ઓર્ડર ઓફ ધ બ્રિટીશ એમ્પાયર) એનાયત કરવામાં આવ્યો છે.

જયારે નિષ્મા ગોસરાનીને નવા વર્ષના સન્માનોમાં ઓ.બી.ઈ. (ઓફીસર ઓફ ધ બ્રિટીશ એમ્પાયર) નો ખિતાબ મળ્યો છે. એમણે બ્રિટનનાં પ્રજાજનોનાં જીવનમાં જેન્ડર ઈકવાલિટીમાં પરિવર્તન લાવવાનો પ્રયાસ કર્યો છે. બ્રિટનના ઈકવાલીટી એકટમાં પણ એ પરિવર્તન લાવ્યા છે. કેનિયામાં જન્મેલા અને લંડનમાં વસતા નિષ્મા ગોસરાણીએ ડેલોઈટ કન્સલ્ટિંગના ડાયરેકટર છે અને

૨૦૦૭માં એમને "એશિયન પ્રોફેશનલ ઓફ ધ યર" નો ખિતાબ મળ્યો હતો. જુદી જુદી સાંસ્કૃતિક પરંપરા ધરાવનારાઓની સંસ્થા તમાશા થિયેટર કંપનીમાં બોર્ડ મેમ્બર છે અને તાજેતરમાં જ તેઓ વિદ્યાર્થિનીઓ માટેની સેન્ટ આલબન્સ હાઈસ્કૂલના ગવર્નર અને ટ્રસ્ટી તરીકે નિમણુક પામ્યા છે. આમ, બ્રિટનના જૈન સમાજમાં આવી સેવાભાવી વ્યકિતઓનું સન્માન થતાં આનંદ ફેલાઈ ગયો છે.

### ઓશવાળ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત

## ગોસરાણી કોલેજ દ્વારા ટ્રાફિક અવેરનેશ નુક્કડ નાટક




ઓશવાળ એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રી જી.એચ.ગોસરાણી કોમર્સ એન્ડ શ્રી ડી.ડી. નાગડા બીબીએ કોલેજ જામનગરના કાર્યરત એન.એસ.એસ. યુનિટ દ્વારા ટ્રાફિક અવેરનેશ કાર્યક્રમ યોજવામાં આવ્યું હતું.

ગોસરાણી કોલેજના વિદ્યાર્થીઓ એ નુક્કડ નાટક ના માધ્યમથી એસ.ટી.ડેપો અને ગોકુલનગર સર્કલ પાસે ટ્રાફિકના નિયમો અંગે જનજાગૃતિ લાવવાનો પ્રયાસ કર્યો.

શ્રી જિગ્નેશ આહિર (RTO ઈન્સ્પેકટર) શ્રી સુરેશભાઈ બોહર (હેડ કોન્સટેબલ),શ્રી વનરાજ વેગડા (રોડ સેફટી પ્રોજેકટ એકઝીકયુટિવ)શ્રી પુનિત આહિર અને શ્રી કાનજીભાઈ પટેલ (રીટાયર્ડ ઓફિસર) ના સહયોગથી આ કાર્યક્રમ ૧૮ જાન્યુઆરી, ૨૦૨૦ ના સંપન્ન થયો હતો. કાર્યક્રમ દરમ્યાન RTO ની મોબાઈલ વેન અને પોલીસ બંદોબસ્તથી ચોક પરના ટ્રાફિક ને નિયંત્રિત કરવામાં આવ્યો અને જનજાગૃતિ માટેના કોલેજના એન.એસ.એસ. વિદ્યાર્થીઓનો પ્રયાસ સાકાર કરવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમ શ્રીમતી સ્નેહલ કોટક પલાણ (પ્રિન્સીપાલ), પ્રો.અક્ષા દુરાની (એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફીસર)અને શ્રીમતી ગોસરાણી ના માર્ગદર્શન થી સફળ બનેલું હતું.

## ઓશવાળ ચેરીટીઝ સંચાલિત - ઓશવાળ યાત્રિક ગૃહ પાલિતાણા મધ્યે શ્રી આદિનાથ જિનાલયે પંચાહ્નિકા મહોત્સવ ઉજવાયો.



શાસનસમ્રાટ, રાષ્ટ્રીયસંત, ભારત દિવાકર,અચલગચ્છાધિપતિ પરમ પૂજય આચાર્ય ભગવંત શ્રી ગુણસાગર સુરીશ્વરજી મહારાજ સાહેબની ૩૧ મી પુણ્યતિથિ.

તપચક્ર ચક્રવર્તી જિનશાસન શિરોમણી અચલગચ્છાધિપતિ શ્રી પરમ પૂજય આચાર્ય ભગવંત શ્રી ગુણોદય સાગર સુરીશ્વરજી મહારાજ સાહેબના આજ્ઞાવર્તીની પરમ પૂજય સાધ્વીજી શ્રી હરખશ્રીજી મહારાજ સાહેબની ૧૩મી પૂણ્યતિથિ.

પરમ પૂજય સાધ્વીજીશ્રી રતનશ્રીજી મહારાજ સાહેબની ૨૫ મી પુણ્યતિથિ.

પરમ પૂજય સાધ્વીજી ચંદ્રોદયશ્રીજી મહારાજના દીક્ષા પર્યાયના ૬૨ વર્ષ તથા,

પરમ પૂજય સાધ્વીજી શ્રી જિનગુણાશ્રીજી મહારાજ સાહેબ ના એકાંતર ૫૦૦ આયંબીલ ની અનુમોદનાર્થે.

ગુરૂભકતો પરિવાર તરફથી તા. ૧૦-૧૦-૧૯ થી ૧૪-૧૦-૧૯ સુધી પંચાહ્નિકા મહોત્સવ નીચે મુજબ ધામધૂમપૂર્વક ઓશવાળ ચેરીટીઝ સંચાલિત - ઓશવાળ યાત્રિક ગૃહ, પાલિતાણા માં આવેલા શ્રી આદિનાથ ભગવાનના જિનાલયમાં ઉલ્લાસમય ભાવપૂર્વક ઉજવાયેલો.

પંચાહ્નિકા મહોત્સવ

તા. ૧૦-૧૦-૨૦૧૯ - કુંભ સ્થાપના, દિપક સ્થાપના, જ્વારા રોપણ, ૪૫ આગમની પૂજા.

તા. ૧૧-૧૦-૨૦૧૯ - પાટલા પૂજન, નંદિશ્વર દ્વિપની પૂજા.

તા. ૧૨-૧૦-૨૦૧૯ - સિધ્ધચક્ર મહાપૂજન.

તા. ૧૩-૧૦-૨૦૧૯ - પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા.

તા. ૧૩-૧૦-૨૦૧૯ - મહાકાળી માતાજી ની 'ભાવના' 'લીલગગન'- ઉપાશ્રયમાં થયેલ.

તા. ૧૪-૧૦-૨૦૧૯ - શાંતિસ્નાત્ર મહાપૂજન.

પૂજય આચાર્ય ભગવંત તથા સાધુ-સાધ્વીજી આદિની તારક નિશ્રામાં સંપન્ન થયેલ પૂજા-પૂજન ભણાવવા સંગીતકારશ્રી નિલેશભાઈ બારોટ તથા વિધિકારકશ્રી પંડિત ભાવેશભાઈ શાહ પધારેલ વિશાળ સંખ્યામાં શ્રાવક-શ્રાવિકા ગણ ઉપસ્થિત રહી અનુમોદના અવસર જેવું પવિત્ર વાતાવરણ થયેલ.

આ મહોત્સવ પ્રસંગે જીવદયાની ટીપ સારી થયેલ.

# મહાસાગરનાં મોતી

સંકલન -વાડીલાલભાઈ દોશી
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ

## જીવન ઉદ્યતિ

આ બ્રહ્માંડનું ભૌતિક સુખ એ વીંછીનો કાતિલ ડંખ છે. એનો ભોગવટો નરકનું સાધન બને છે. જેની પાસે ભગવાન હોય : જે ભગવાનમય હોય તે જ ભોગસામગ્રીને પાપસામગ્રી બનતી અટકાવીને પોતાની દુર્ગતિનું નિવારણ કરી શકે. તુલસીદાસજીએ સરસ કહ્યું છે કે, સંપતિ મળે અને પૂર્વથી પશ્ચિમનું પુરું રાજ મળે પણ હરિભજન ન મળે તો એ બધું નરકનું સાધન બની જાય છે.

અરબખરબ કો ધન મિલે, ઉદય અસ્તકો રાજ:
તુલસી ! હરીભજન વિના, સભી નરક કે સાજ.

માણસનું સમગ્ર જીવન ભગવાનથી શરૂ કરીને ભગવાનમાં જ લીન થઈ જવું જોઈએ. હા, એ ભગવાનનું નામ લેતો જીવ પોતાનું કલ્યાણ કરે, અને પુણ્ય જોર મારે તો પરનું ય કલ્યાણ યત્ન કરે, પણ તે બધું કરીને છેલ્લે તો તેણે પાછું ભગવાનમાં જ લીન થઈ જવું જોઈએ.

હાથમાં પુષ્પો લઈ જતી બેબીને પૂછો, કોના માટે આ પુષ્પો લઈ જાય છે ? તે જવાબ દે છે : મંદિરે જાઉં છું ભગવાન માટે લઈ જાઉં છું.

તે મોટી થઈ. કિશોરી બની. ફરી તેની તે સ્થિતિમાં તેને તે જ સવાલ પૂછો. જવાબ મળે છે. મારા માટે પુષ્પો લઈ જાઉં છું.

હવે કિશોરી મટીને પરિણીતા બની. બે બાળકોની મા થઈ. તે સ્થિતિમાં તે જ સવાલ પૂછશો તો જવાબ મળશે. એમના (પતિના) માટે લઈ જાઉં છું.

તે ડોશી થઈ. તેને તે સવાલ પૂછો. જવાબ છે, ભગવાન માટે મંદિરે લઈ જાઉં છું.

આ ચાર સવાલના ચાર જવાબોમાં આપણા જીવન વિકાસનો ક્રમ સમાઈ ગયો છે.

૧. ભગવાન બનો.
૨. તમારું આત્મકલ્યાણ કરો.
૩. પરકલ્યાણમાં લક્ષ રાખો.
૪. ભગવાનમય બનો.

ભગવાન શુદ્ધિનું સાક્ષાત સ્વરૂપ છે. માટે તેની ભક્તિ આપણને શુદ્ધ બનાવે છે. ભગવાન પુણ્યનો ભંડાર છે. માટે તેની ભક્તિ આપણને પુણ્યવાન બનાવે. આપણને બેયની જરૂર છે. શુદ્ધિની અને પૂણ્યની.

કેટલા બધા દોષોના મળ ભર્યા છે અંતરમાં ? શે કાઢવા ? એકેકો દોષ એનું ભોજન આરોગી આરોગીને હવે તો કાળો ઝેરી સાપ બન્યો છે, એવા કરોડો સાપ અંતરનાં ઉપવનમાં સતત પડયા પાથર્યા રહે છે.

સાણસાથી પકડી પકડીને તો કેટલાને કાઢવા ? એમ કરતાં એકાદ તો કરડી જ જાય જીવલેણ વિષ પ્રસરાવી દે !

## તમારામાં રહેલો માણસ જીવે છે કે મરી પરવાર્યો છે ?

ખોટું કર્યા પછી ખોટું થઈ ગયાનું જરા જેટલું પણ દુઃખ થાય ત્યારે સમજવું કે તમારામાં રહેલો માણસ હજી જીવે છે. સાવ ખલાસ નથી થઈ ગયો. હજી શ્વાસ ચાલે છે, હજી તન તંદુરસ્ત થઈ જવાની ભરપુર શકયતાઓ છે. પણ આવું બધે નથી બનતું ખોટું કરીને છાતી ફુલાવનારા, મૂંછો આમળનારાઓના કથળેલા સ્વાસ્થ્યને દુનિયાનો કોઈ વૈદ સુધારી ન શકે. કોઈ ટકોર કરે તો એમાં શું થઈ ગયું ? એવો પ્રશ્ન કરનારાઓનો આ જગતમાં તોટો નથી.

વેપારી ઓછું તોલે ને ગ્રાહકને હલકો માલ પધરાવી દે ને પછી ગેલમાં આવી જાય તો સમજવું કે એની દુકાનનું ને એનું ઉઠામણું નિશ્ચિત જ છે. એમ લાગે કે કોઈ ચોર કે લૂંટારો બુકાની બાંધવાને બદલે વેપારીનો વેશ પહેરીને બેઠો છે. બીજાને છેતરનારો જાતને તોડી નાખે છે ને ધીરે ધીરે પોતાની અસલીયતને ખલાસ કરી નાખે છે. આમ જગતમાં છેતરીને છીનવી લેનારા ઘણા છે.

તો કયાંક છેતરાઈને રાજી થનારા પણ ભેટી જાય છે. એમાં એમનું ભોળપણ તો હશે જ, પણ છેતરાયા પછી એનો અહેસાસ થતાં કંઈ વાંધો નહી એમ કહેનારા પેલા ત્રાજવે ઓછું તોલતા વેપારી જેવા નથી. ભોળપણને એ સદગુણ માને છે એવું નથી. પણ ઢોળાઈ ગયેલા દૂધ પર એ અફસોસ કરતા નથી. પણ છેતરાયા પછી માણસ એમ કહે કે : છેતરાયો છું ને ? મેં કોઈને છેતર્યો તો નથી ને ? બસ ત્યારે ! આવા છેતરનારા માણસને સલામ કરવાનું મન થઈ જાય.

જગતમાં ભૂંડાશ વધારે છે. ભલાઈને શોધવા આંખે બાયનોક્યુલર લગાવવું પડે. ભલાઈ તો પાણીની ડોલમાં પડેલા રેતીના એકાદ કણ જેવી છે. એને પકડવા મથામણ કરવી પડે. આંખો ચૂંચી કરવી પડે. ભારે મથામણ કરવી પડે, ત્યારે માંડ પકડાય. છીનવી લેનારાં કરતાં આપી દેનારા ઓછા છે. લૂંટવા કરતાં લૂંટવી દેનારા અતિ અલ્પ છે. જગડુશા જવલ્લે જ મળે. ભામાશા તો ભાગ્યવંતોને જ ભેટે. બાકી તો આપવાની વાત આવે એટલે હાથ ઉંચા કરી દે : હમણા તો મંદીની ઝપટમાં આવી ગયો છું ને ધંધો ચોપટ થઈ ગયો છે કોઈ વળી પારકા બારણે જ આંગળી ચીંધી દે : ત્યાં જાવ, એને ત્યાં જલસા ઓછા થાય એ વાત એને ગમતી નથી.

હોસ્પિટલની વાત નીકળી એટલે એક પ્રસંગ યાદ આવી ગયો. હમણાં આશ્રમ રોડ પરની કર્ણાવતી હોસ્પિટલમાં જવાનું થયું. મારા મનમાં એવી કલ્પના કે દવાખાનામાં દાખલ થઈએ એટલે દવાઓ ગંધાતી હોય, તોછડો સ્ટાફ હોય, ઘમંડી ડોકટરો હોય ને ઠેર ઠેર ગંદકી હોય. પણ મને ત્યાં પ્રવેશતાં જ આશ્ચર્ય થયું. પ્રવેશ દ્વાર પાસે વાંચવા મળ્યાં જીવનવાચક વાકયો, લાખેય લેખાં ન થાય તેવા અવતરણો ને જીવનના વિચારપ્રવાહની દિશા જ બદલી નાખે એવી કંડિકાઓ ! અંદર જતાં કયાંય ગંદકી તો શું રેતીનો એકાદ કણ પણ જોવા ન મળ્યોને સ્ટાફનો માણસ દોડતો આવી બોલ્યો : સાહેબજી, હું આપની શું સેવા કરી શકું ? એક ડોકટરે તો કહ્યું અહીં જે છે તે દવાખાનું નથી. ઘર છે.

મને લાગ્યું કે : ના. ઘર પણ નથી, આ તો મંદિર છે... ને આરોગ્યધામ મંદિર બની જાય છે ત્યારે અંદર ગયેલો દર્દી સાજાપણાનાં ઈશ્વરીય આર્શીવાદ લઈને જ બહાર આવે છે !

બધી જાહેર સંસ્થાઓમાં મંદિર બની જાય ને બધે જ ઈશ્વરીય કૃપા વરસતી હોય તો..... ! આપીને અમૃતના ઓડકાર ખવાય ! મારા મનને રાજીપો થયો. થયા છે કે કોઈને છેતરીને રાજી થનારાનું બેંક બેલેન્સ કદાચ વધતું હશે, પણ આપીને સંતુષ્ટ થનારાનું તો જીવતર ધન્ય બની જાય છે.

પૂ. પં શ્રી ચંદ્રશેખર વિ. મ.સાહેબ

# ઓશવાળ સેન્ટરમાં ત્રણ દિવસીય એકિઝબિશન યોજવામાં આવ્યો હતો

જામનગરમાં આવેલા ઓશવાળ સેન્ટર ખાતે ડિસેમ્બર ૨૦૧૯માં તા. ૨૭, ૨૮, ૨૯ ના શુક્ર, શનિ અને રવિવારના રોજ માજી વિદ્યાર્થીઓના સમ્મેલન નિમિતે ત્રણ દિવસીય એકિઝબિશન યોજવામાં આવ્યું હતું જેમાં અલગ અલગ અને વિવિધતા ધરાવતા સ્ટોલ રાખવામાં આવ્ય હતા જેમાં લીલાવતી નેચરકયોર સેન્ટર એ પણ ભાગ લીધો હતો. ત્રણ દિવસમાં આ સ્ટોલની ૧૫૦ થી પણ વધારે લોકોએ મુલાકાત લીધી હતી અને નેચરોપેથી સેન્ટર વિશે અને નેચરોપેથી શું છે? તે વિશે માહિતી મેળવી હતી.

# આયુર્વેદ યુનિવર્સિટી દ્વારા યોજાયેલ સ્વાસ્થ્ય મેળામાં લીલાવતી નેચરકયોર સેન્ટરનાં સ્ટોલની ૪૦૦ લોકોએ મુલાકાત લીધી



જામનગર ખાતે આવેલ ધન્વંતરી ગ્રાઉન્ડ માં તા. ૦૫ અને ૦૬ જાન્યુઆરી ૨૦૨૦ ને રવિવાર અને સોમવાર ના દિવસે આયુર્વેદ યુનિવર્સિટી દ્વારા યોજવામાં આવેલ લીલાવતી નેચરકયોર સેન્ટરના સ્ટોલ ની ૪૦૦ થી વધુ લોકોએ મુલાકાત લીધી જેમાં નેચરોપેથી સેન્ટર અને તેમને એક વખત સેન્ટરની મુલાકાત લેવા અનુરોધ કરવામાં આવ્યો હતો. જામનગરમાં આવી સુવિધા ધરાવતું સેન્ટર છે તે જાણી જામનગર વાસીઓને આનંદ થયો.




# Making Learning Visible (MLV)



In this era of globalization, our ability to learn and function as part of diverse groups is essential to our capacity to survive and thrive. Yet almost all assessment and most aspects of instruction in schools focus on promoting individual performance and achievement. You will investigate the power of the group as a learning environment, and documentation as a way to shape, extend, and make visible how and what we learn.



"Visible learning" is a ground-breaking concept. It establishes that learning must be seen and obvious, not assumed. Let us understand this concept using height as an example. When establishing a change or difference, it's not enough to see the difference in height between one person who is 5'3" and another who is 5'4". Instead, a more obvious visible difference, like between a person who is 5'5" and one who is is 6" tall, is a better teacher of height difference. It's exciting to think that with some Scaffolding, and the intentional use of specific strategies and assessment, you will be able to identify exactly what part of the teaching process worked, and student learning will be visible.

To make this happen in classroom, "students have to know what they are learning, why they are learning it, how they will know they have learned it, and what it means to have learned." To achieve this, teachers use learning intentions and success criteria on a daily basis. Learning intentions and success criteria contribute significantly to teacher clarity, research shows that it can double or triple student learning. Another critical part of increasing student learning is to attend to the three phases of learning: surface, deep, and transfer. We've done the heavy lifting for you and come up with nine tips for making learning more visible in your classroom.



## Republic Day Celebration - Haria Global School



The 71st **Republic Day** was celebrated in all its solemnity and grandeur at Haria Global School on 26th January 2020. The students saluted the National Flag and pledged themselves to upholding the honour and integrity, diversity and uniqueness that is "India".

The choir group presented the patriotic song **"Hind Desh Ke Niwasi"**. The whole school joined the choir and the song reverberated in the surroundings. It was followed by a beautiful folk dance from Kerala. The melodious music and graceful movements of the dancers were spellbinding.




The Chief Guest **Dr. Bhaskar Thanki** addressed the students with his motivational words inspiring them to do their bit towards the Nation. Later, **Mr. Mayank Trivedi, Principal** of our school addressed the students and urged them to do their best and feel proud to be Indians and the students dispersed after snacks with the image of the fluttering tricolor in their minds.



## ઓશવાળ સ્કૂલમાં ગણતંત્ર દિવસની ઉજવણી



ઓશવાળ શિક્ષણ અને રાહત સંઘ સંચાલીત ૪૫ દિગ્વિજય પ્લોટ ખાતે આવેલ ઓશવાળ સ્કૂલમાં ૭૧ માં ગણતંત્ર દિવસની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવેલ. આ તકે ઓશવાળ શિક્ષણ અને રાહત સંઘના માનનિય સંયોજક શ્રી ભરતભાઈ દોઢિયા, બોર્ડીગ અને કન્યા છાત્રાલયના શ્રી યતિનભાઈ, શાળા સંચાલન સમિતીના શ્રી વિમલભાઈ, શ્રી જયભાઈ, શ્રી જીતેનભાઈ, શ્રી દિપેનભાઈ, શ્રી ભાવીનભાઈ, શ્રી પંકજભાઈ ની ઉપસ્થિતિમાં શાળાના પ્રમુખ શ્રી મનિષભાઈ પારેખના વરદ હસ્તે ધ્વજવંદન કરવામાં આવેલ. બાળકો દ્વારા દેશભકિતના કાર્યક્રમો રજુ કરવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાનાં પ્રિન્સીપાલ શ્રી રાગીણીબેન પાટલીયા, વાઈસ પ્રિન્સીપાલ શ્રી અનિતાબેન ગોસરાણી, એડમીન શ્રી દર્શનાબેન પારેખ દ્વારા કરવામાં આવેલ. કાર્યક્રમ સમાપન બાદ બાળકોને મીઠા સાટાનુ વિતરણ કરવામાં આવેલ.








# KALA-MAHAKUMBH 2020


| | |
|---|---|
| **Sugaam Sangeet** | **$1^{st}$ Position** |
| **Lagna Geet** | **$1^{st}$ Position** |
| **Samuh Sangeet** | **$1^{st}$ Position** |
| **Bhajan** | **$2^{nd}$ Position** |

Our students have added colorful feathers on our victory hat by showing their tremendous performance at Kala-Mahakumbh – Zone Level, held at M.P Shah Medical College, Jamnagar, on $17^{th}$ and $18^{th}$ January, 2020. Students' hard work and rigorous practice qualified them for the upcoming district level, which will be held in Jamnagar. We are grateful to our music team and wish them good luck for further achievements.









# JVIMS Students Excel at COLOSSEUM – 2019



"No Competition, No Progress", Keeping this belief in mind Oshwal Education Trust Managed – JVIMS MBA College always strives hard to make sure that students explore to various competition organized by various institutes.

One such competition, i.e. **Colosseum, 2019** was organized by **Christ Institute of Management, Rajkot.** Students of JVIMS not only participated but secured rank in different events and received great appreciation for their knowledge

On this note, JVIMS Family would like to wish Hearty Congratulation to

- **Ms. Riya Singara and Ms. Asha Solanki for winning 1st prize in PEPOLE MATTER**

(The Competition consisted 3 Rounds – 1st Round was HR Quiz, 2nd Round was Case Analysis and 3rd Round was Presentation on Compensation Structure of various Designation)

- **Mr. RushabhChheda for winning 2nd prize in THE ECONOMIC ANGLE**

(The Competition consisted of 2 Rounds – 1st Round was Economic Quiz, and 2nd Round was Completing Economic Cause and Effect chain of any happening)

The Trustees, Committee Members, Director and Staff Members wishes Good Luck to all students for bright future and appreciate the efforts put by Faculty Coordinator Asst. Prof. Disha Shah.

# CZMG BCA –LOGO LAUNCHING CEREMONY



In this digital world, where everything right from banner ads to websites, seem to screaming about the quality of products and services.How would you like to carve a niche for your IT institution?The answer is simple, by allowing your logo design to be remarkable enough to let your presence befelt admirable and distinctive among the top notch IT institutions.

Our college Smt. ChandramanibenZaverchandMeghjiGosrani BCA College has launched a brand new logo which indicates the high-caliber knowledge which we deliver to our students from very initial stage of understanding the computers like perceiving the knowledge about binary's to creating the high-end software(s). It also helps in developing the decision making power and abilities of identifying, formulating and resolving management problems, "**CRITICALLY AND ANALYTICALLY** ". We also inculcate professional ethics in students by providing them practical trainings and giving insights about essential cloud computing software(s) alongside prepares them for being capable for working on industrial projects. LOGO LAUNCHING CEREMONY was held on 6th Jan.2020 at college campus. Trustee Shri Bhartesh shah, College committee member Shri Bipinbhai K. Zaveri, Campus director Mrs. Snehal Kotak Palan, CZMG-BCA principal Mrs. Hetal Savla and JVIMS director Dr. Ajay Shah along with all staff members opened the curtain and launched the **LOGO**.



We are feeling so proud to share that we had an event named Logo making competition held under the IT Genius Club and the winners of this competition Mr.PremAswar,Mr.ChiragSonaiya, Mr.SumitSondagar, helped us out in making marvellous and glorious **LOGO** for our college.

# Professional Development Module – 3 English for the Non-English.





Language is not a genetic gift but it is an acquired skill. In India English is a second language that we learn after our Mother tongue. But in English medium schools it is taught as a first language. Hence the didactic approaches are more suitable for a target group who already are supposed to have a spoken competency of the language just as you would your mother tongue. This discrepancy was taken into account at the very beginning of this workshop. Learning a new language opens many doors to new Vistas. Shri L. G. Haria School always works towards the enrichment and enhancement of skills of it's teachers. In a continuous series of workshops for teachers one more workshop was conducted on the English Teaching skill enrichment program. 64 teachers participants from different schools were present in this day long workshop. The resource person for this workshop was Anjana Asher (Director of Education) of OET managed schools with 37 years of experience behind her. She equipped all the participants with simple, but effective techniques in the macro and micro skills of teaching English. Teachers were also guided in the effective management of teaching prose, poetry, grammar & supplementary reading. The workshop was full of creative activities where the teachers were enthusiastic and active participants. At the end of the session, teachers were awarded with certificates.





## Drawing Competition for Kindergarten Schools of Jamnagar

### An initiative by Haria Group of School





Shrimati P.L. Haria Pre-school, Jamnagar had organized first ever Drawing Competition for Kindergarten schools of Jamnagar. More than 70 participants from 25 different pre-schools of Jamnagar participated. The competition was divided into two parts i.e. Play Group/Nursery and U.K.G/L.K.G. All the little munchkins actively participated in this competition. All the participants were awarded with certificate of participation and deserving participants were ranked $1^{st}$, $2^{nd}$, and $3^{rd}$ position with awards and gifts. The competition was organized with an aim to inculcate development and creativity amongst our tiny tots.





# JVIMS નાં વિદ્યાર્થીઓ TechFest ની મુલાકાતે








ઓશવાળ એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત JVIMS MBA કોલેજનાં વિદ્યાર્થીઓ દ્વારા ઔદ્યોગિક મેળા (TechFest) ની મુલાકાત લેવામાં આવેલ. ઔદ્યોગિક મેળા (TechFest) માં જુદા જુદા ઔદ્યોગિક એકમો દ્વારા તેમની મશીનરી તથા તેમના દ્વારા આપવામાં આવતી સેવાઓ અંગે માર્ગદર્શન આપવામાં આવતું. JVIMS MBA કોલેજનાં વિદ્યાર્થીઓ દ્વારા આ ઔદ્યોગિક મેળા (TechFest) માં તેમને મશીનરી અંગે જાણકારી મેળવેલ હતી. આ ઔદ્યોગિક મેળા (TechFest) માં JVIMS MBA કોલેજનાં વિદ્યાર્થીઓએ GEDA, જયોતી CNC, ઈન્ડોથર્મ, પાર્થ ઈન્જીનીયરીંગસ, પીયુષ ઈન્જીનીયરીંગ વર્કસ, મેટલ પાવર કોર્પોરેશન, ગ્રેવિટી સાઈન જેવા ઘણા ઔદ્યોગિક એકમોની મુલાકાત લીધેલ. આ ઔદ્યોગિક મેળાની મુલાકાત અંગેનાં આયોજન માટે ડાયરેકટર પ્રોફ.ડૉ.અજય ડી.શાહના સંચાલન હેઠળ આસી.પ્રોફ.આનંદ શાહ તથા આસી. પ્રોફ. પૃથ્વીરાજસિંહ રાઠોડએ જહેમત ઉઠાવી હતી.

# GTU Youth Festival *"XITIJ 2019-20"*



Every student has a dream to represent their college at some point of time, and here was a chance that was grabbed by the students of JVIMS MBA College, managed by Oshwal Education Trust.

Gujarat Technological University (GTU) had organised Youth Festival for Degree & Diploma Colleges in the month of August-September, 2019. Students of MBA Sem 1 and Sem 3 took this opportunity to participate in the **Zonal Level** competition and secured 1st Runner's up position in **SKIT Competition** organized on 8th September 2019 at Government Engineering College, Rajkot.

Students presented a skit with the theme of **"THE PLEDGE",** whose main motive was to create the awareness of duties and responsibilities of a true citizen of INDIA.

JVIMS College on this note would like to wish hearty congratulations to all the students (Harsh Madlani, Chirag Mehta, BhaveshKanzaria, Het Sutaria, Nirali Gandhi, JayeshShukhvani) to the faculty co-ordinator (Asst. Prof. Chandni Gandhi and Asst. Prof. Bhumit Vyas.) and to play Director (Ms. KeyuriMadlani) who gave this winning wings to JVIMS. The entire program was coordinated under the guidance of Dr. Ajay Shah (Director, JVIMS).On this note,The Trustees, Committee Members, Director and Staff Members would heartily congratulate all the winners and participants for adding one more feather of success to the institution.

# શાળામાં વિદ્યાર્થીઓએ નિહાળેલુ સૂર્યગ્રહણ



શ્રી ઓશવાળ એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રી એલ. જી. હરિઆ સ્કૂલમાં તા. ૨૬/૧૨/૧૯ નાં રોજ અવકાશની અદભૂત ઘટનાનું નજરાણું કહી શકાય એવું સૂર્યગ્રહણ બાળકોને લાઈવ બતાવવામાં આવ્યું હતું. શાળાનાં ઓડીટોરીયમમાં પ્રોજેકટર દ્વારા વિશાળ સ્ક્રીન પર આ સૂર્યગ્રહણનો નિરાળો નજારો બાળકોએ મન ભરીને માણ્યો હતો. ગ્રહણના સમયે વિશ્વના અન્ય દેશોમાં સૂર્યનો આકાર અને સ્થિતિ કેવી હતી એ પણ બાળકોએ નિહાળ્યું હતું. ખગોળમાં બનતી ઘટનાઓમાં વિરલ કહી શકાય એવી સૂર્યગ્રહણની આ ઘટના નિહાળતા બાળકોમાં એના વિશે વધુ જાણવાની તીવ્ર ઉત્કંઠા જાગી હતી, અને વિદ્યાર્થીઓને આ ઘટનાની પુરી માહિતી શાળાનાં આચાર્યશ્રી ધવલ પટ્ટે આપી હતી, આર્યભટ્ટનાં ગાણિતીક હિસાબની ક્ષણે ક્ષણ બાળકોએ રોમાંચિત મને માણી હતી. આધ્યાત્મિક દ્રષ્ટિએ પણ વેદો અને પુરાણોમાં ગ્રહણની ઘટનાને રાહુ અને કેતુની વાર્તાનાં માધ્યમ દ્વારા બાળકો સમક્ષ રજુ કરાઈ હતી. ગ્રહણનાં સમયે શું તકેદારી રાખવી, ગ્રહણને નરી આંખે ન જોતા આધુનિક ઉપકરણોથી નિહાળવું, વગેરે બાબતોની પણ વિદ્યાર્થીઓને માહિતી આપવામાં આવી હતી. ગ્રહણનાં સમયે સૂર્યમાંથી નિકળતા પારદર્શક કિરણોની માનવ શરીર પર વિઘાતક અસર થતી હોય, સૂર્યગ્રહણ વખતે શકય હોય ત્યાં સુધી સૂર્ય કિરણોથી બચવાની પણ કાળજી રાખવાનું વિદ્યાર્થીઓને સૂચન કરવામાં આવ્યું હતું. આ સમગ્ર માહિતી શાળાનાં હોનહાર શિક્ષક શ્રી રાજ શાહ દ્વારા વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી.





આમ, ખગોળની આ વિરલ કહી શકાય એવી અદભૂત ઘટનાને બાળકોએ આટલી નજીકથી નિહાળી ઉત્સવ જેવું વાતાવરણ ઊભું કરી દીધું હતું. આ તકે ગ્રહણ પર થતા નવા નવા સંશોધનોથી પણ વિદ્યાર્થીઓને માહિતગાર કરવામાં આવ્યા હતા. શાળાનાં આંગણે જ આ સમગ્ર ઘટનાને નજરો નજર નિહાળીને બાળકોએ જાણે ધન્યતાની પળો નિહાળી હતી. આમ, આ સૂર્યગ્રહણનો નજારો બાળકો માટે જીજ્ઞાસા, રોમાંચ અને માહિતીનાં ત્રિવેણી સંગમ જેવો રહયો હતો.


# KAUSTIVAL 2019



Education is not only that Students of JVIMS MBA college wish to get, the urge is for growing and developing themselves better at each phase of life. This strive has inspired students to take active participation in Open Jamnagar Competition – KAUSTIVAL 2019 (Skill Fest) organized by National Management Centre.

The event was scheduled from 6th December 2019 to 14th December 2019 where students participated and bagged prizes in various competitions such as Group Discussion, Presentation, Personality, Elocution, Master Chef and Lexicon Quiz.

JVIMS takes this privilege to announce that Ms. MuskanMusani stood 2nd position in Presentation competition, Ms. DevanshiThakar stood 3rd Position in Presentation Competition, Ms. Het Sutaria stood 2nd Position in Group Discussion Competition and Ms. PrarthanaKanakhara stood 2nd Position in Master Chef Competition. Another achievement that focused the entire event was that JVIMS college was awarded with the title of most participative college. On this note,The Trustees, Committee Members, Director and Staff Members would heartily congratulate all the winners and participants for adding one more feather of success to the institution.




NURTURING BODY & MIND

# ઓશવાળ એજ્યુકેશન ટ્રસ્ટ

**સંચાલિત**

## લીલાવતી નેચર ક્યોર એન્ડ યોગ રીસર્ચ સેન્ટર
## લાખાબાવળ

**જામનગરથી ફક્ત બાર (૧૨) કી.મી. દુર લાખાબાવળ સ્થિત અમારા કુદરતી ઉપચાર કેન્દ્રની મુલાકાત લઇ નીચેના રોગોથી મુક્તી મેળવો.**

- કીડની ડાયાલીસીસ
- પેટને લગતા રોગો
- એસીડીટી, જઠરનો સોજો
- સોરાયસીસ, થાઇરોઇડ, માઇગ્રેન
- ગેસ, અનિન્દ્રા, ચક્કર આવવા
- કમર, ગરદન, ઘુંટણનો દુઃખાવો
- એલર્જી, અપચો, ડીપ્રેશન
- કીડની, લીવર, આંતરડાની બીમારી
- ની (ગોઠણ) રીપ્લેસમેન્ટ
- વધારે પડતું વજન
- કબજીયાત
- બહેરાશ
- સાઇનસ
- લકવા
- ગઠીયો-વા
- ડીપ્રેશન
- આર્થરાઇટીસ
- અસ્થમાં
- ડાયાબીટીસ
- હાયપર ટેન્શન

- પીરામીડ આકારનું ધ્યાન માટેનો સ્પેશીયલ રૂમ
- સ્ટીમ-સોના-સાવર (એક સાથે અદભૂત મશીન)
- હાઇડ્રો કોલોન થેરાપી, એક્યુપ્રેશર
- યોગ વગેરે થેરાપી

- સ્પાઇન જેટ થેરાપી
- આર્યુવેદિક મસાજ
- મડ બાથ
- સોના બાથ
- સ્ટીમ બાથ
- ફુટ મસાજ

- પોટલી મસાજ
- શિરોધરા
- હોટ-સ્ટોન થેરાપી
- થાઇ મસાજ
- ડીપ-ટીસ્યુ મસાજ
- અંડર વોટર મસાજ

મુ: લાખાબાવળ, તા. જી. જામનગર-૩૬૧ ૦૦૬.

૯૯૭૮૫ ૬૧૪૫૩, ૭૪૧૦૧ ૮૩૯૫૫

info@leelavatinaturecure@gmail.com

OSHWAL EDUCATION TRUST'S

# HARIA GLOBAL SCHOOL

SHAPING YOUNG MINDS IN AN INNOVATIVE WAY

## A Premium English Medium Co-Educational School




# Nursery to Std. 10th

Address: Near (Haria College) Shah Bhagvanji Kachara Education Complex,
Ahead of Oshwal Circle, Indira Gandhi Marg, Jamnagar- 361004.
Contact : 0288-2567201, 2568201Mobile No. + 91 99740 92562
Email: info@hariaglobalschool.com / www.hariaglobalschool.com